Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय--
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक ११ ] वीर संवत् २४४०, चैत्र आत्म. संवत् १८ [ अंक ९ मो.

ॐ

## प्रभुस्तुति.

### शार्दूलविक्रीडित.

नित्ये [1]आगमदेशना जलथकी जे नित्य गाजी रह्यो,
पेखो जे [2]परमात्म चंद्र उरनी [3]उर्मि उछाळी रह्यो;
जे लागे सुखकार भव्य जनने सद्ज्ञान [4]गांभिर्यमां,
रहेजो आ अमचित्त मग्न सुखथी ते [5]वीर अंभोधिमां १

---

१ आगम–शास्त्र द्वारा कहेल देशना रुपी जलथी. २ परमात्मा रुपी चंद्रने जोइ. ३ उर्मि मोजा ४ उत्तम ज्ञान रुपी गंभीरतामां ५ श्रीवीरभगवान् रुपी समुद्रमां

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ॐ ॥

## धीर पुरुषोनुं न्याय मार्गमां प्रवर्तन.

( गीति. )

नीति निपुण कदि निन्दे, वास्तवना ए करेज अंतरथी;
आवी वरे जो [1]लक्ष्मी, वा त्यागे ए पूर्व कर्म वशथी. १
थाय मरण यदि आजे, वा युग अन्ते बने छतां मनथी;
धीर पुरुष नवि डगे, निज [2]पदने ए न्याय तणा [3]पथथी. २

( जिज्ञासु उमेदवार )

## અઢાર પાપસ્થાનક ચાલુ.

(અનુસંધાન ગતાંક પૃષ્ટ ૨૧૧ થી)

### "ક્રોધ પાપસ્થાનક" છઠ્ઠું.

(ત્રીશવરસ ઘરમાં વશ્યારે સુખ ભર વામાનંદ.—એ રાગ.)

પાપસ્થાનક છઠ્ઠું તજોરે ક્રોધ કષાયનું મૂળ,
તપ જપ ધ્યાન સંયમ વૃતોરે ધર્મ ક્રિયા પ્રતિકૂળ;
તજો સહુ ક્રોધનેરે ક્રોધ તે બોધ નિરોધ. (એ ટેક) તજો૦ ૧
અંતર ક્રોધ સમાવીયેરે લાગે સ્વ આશ્રમદાહ,
ભજના બાળે અન્યનુંરે ત્રુટતા પ્રશમ પ્રવાહ. તજો૦ ૨
દ્વંદ યુદ્ધ ધર્મ કર્મનુંરે, અનંત કાળથી થાય,
ક્રોધ મહા મલ્લ દુરિતનોરે નરકનું દ્વાર જણાય. તજો૦ ૩
ચારિત્ર ફળ ક્રોડ પુરવનુંરે આત્મ ભાવના જાય,
બે ઘડી ક્રોધ વિવશ થતારે ભારે અનર્થ જણાય. તજો૦ ૪
તપ તપતા મુનિ આકરોરે ધરતા અતિ વૈરાગ્ય,
શિષ્યના ક્રોધ થકી થયોરે ચંડકોશીયો નાગ. તજો૦ ૫
સજ્જન ક્રોધ કરે નહિંરે દુરજનથી રહે દૂર,
ક્રોધી મુખે કટુ બોલણારે કંટક સરિખા ક્રુર. તજો૦ ૬
અહિક કલ્લાણુ કરી રહ્યારે વીષ હળાહળ ખાય,
આ ભવ દુઃખ અતિ પામતારે ઉદય ભવાંતરે થાય. તજો૦ ૭
ક્રોધ નિમિત્ત ક્ષમા ધરોરે રોકે આવતા કર્મ,
"દુર્લભ" સંવર ભાવથીરે આત્મ વરે શિવ શર્મ. તજો૦ ૮

લેખક.

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા.—વળા.

---

१—लक्ष्मी. २—पग. ३—मार्ग.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિઘ્ન એજ અંતરાય કર્મની ઉદિત અવસ્થા.

રાગ અને દ્વેષ રૂપ ભાવ કર્મવડે આકર્ષાતા [1]અષ્ટવિધ [2]દ્રવ્ય કર્મો જ્યાં સુધી આત્મા સંસાર બંધનથી મુક્ત થયો નથી ત્યાં સુધી તેની સાથે ઓતપ્રોત થઇ જઇ-બંધ-ઉદય-પરિણુમન આદિ અનેક પ્રકારની વિચિત્રતાનું જગતૂની દૃષ્ટિએ દર્શન કરાવે છે. આ ઉભય ભાવકર્મો આત્માના પૂર્વોપાર્જિત દ્રવ્યકર્મના પરિણામ રૂપે ઉદ્દભવે છે અને દ્રવ્ય ભાવ કર્મોને પરસ્પર કાર્ય કારણ ભાવ સંબંધ હોઇ એક બીજાની અપેક્ષાએ દરેકની પૂર્વ સ્થિતિનો વિનાશ અને નૂતન સ્થિતિનો ઉદ્દગમ થયાં કરે છે; રાગ અને દ્વેષ વડે દ્રવ્ય કર્મોનું આકર્ષણ થતાં કર્મ વર્ગણા જે અત્યંત સૂક્ષ્મ છે અને જે રૂપી હોવા છતાં દિવ્ય ચક્ષુ ગમ્ય છે તેનો આત્માના અધ્યવસાય સાથે આત્માની પ્રવૃત્તિ અનુસાર પરિણમન સ્વભાવ હોવાથી તે વર્ગણાઓમાંથી પરિણામ પામવાને યોગ્ય કર્મ પરમાણુઓ અરૂપી આત્માની સાથે ક્ષીરનીર સંબંધથી જોડાય છે અને [3]ચતુર્વિધિબંધ તેજ સમયે પડે છે. પ્રસ્તુત બંધ તાત્કાલિકકે કાલાંતરે સ્વસ્થિતિ અનુસાર ઉદિત સ્વરૂપ-વિપાક પમાડે છે અને જેવો રસ-અધ્યવસાયની તીવ્ર મંદતાનુસાર બંધ રૂપે સંક્રમણ થયેલો હોય છે તેવું તેના વિપાકમાં સ્નિગ્ધપણું હોય છે અને આત્મપ્રદેશોમાં સ્પંદનો થઇ પ્રદેશોદય રૂપે પણ ભોગવાય છે.

આ અષ્ટવિધિ દ્રવ્ય કર્મોમાં 'અંતરાય કર્મો' સંબંધી વિચાર કરતાં પ્રથમ એ પ્રશ્ન ઉપસ્થિત થવા યોગ્ય છે કે અરૂપી-અમૂર્ત આત્માને 'અંતરાય કર્મ' શી રીતે ઉપઘાત કરી શકે? નજીકના સંયોગોમાં પ્રત્યક્ષ અનુભવથી તપાસતાંજ એ સમાધાન મલી આવશે. આપણી આસપાસ દેખાતા અનેક પદાર્થો-સંયોગો આપણા આત્માને અનેક પ્રકારની વિચિત્ર અવસ્થામાં મૂકવાનું અને નવા નવા વેશ ભજવાવાનું સામર્થ્ય ધરાવે છે; આત્મા અરૂપી હોવા છતાં જેવી જેવી વ્યવસ્થા તેની પાસે મૂકવામાં આવે તેવી તેવી વ્યવસ્થાનો તે નિયામક બને છે; પૂર્વ પરિચયોને અંગે શત્રુને જોઇ ક્રોધમાં પ્રવૃત્તિશીલ થાય છે, વિકારી દૃષ્ટિ થતાં સ્ત્રીને જોઇ વિષયાંધ બને છે, તત્વજ્ઞાનનું પુસ્તક પાસે જોઇ જ્ઞાનાભિલાષી થવા પ્રયત્ન કરે છે, ગુરૂની સન્મુખ જતાં ઉપદેશામૃતનું પાન કરવા પ્રેરાય છે, દ્રવ્ય દેખી લાલચમાં લપટાય છે. આ રીતે અનેક પ્રકારના નજીકના સંયોગો અનુસાર તે અરૂપી હોવા છતાં તન્મય થઇ જઇ તેવો વેશ ભજવે છે; આવી અનેક જુદા જુદા પ્રકારની ચેષ્ટાઓ આત્મા સ્વપ્રાપ્ત સંયોગો અનુસાર કરે છે એ માત્ર અરૂપી આત્માને અનેક

---

૧ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, નામ, ગોત્ર, વેદનીય, અને આયુષ્ય.

૨ કર્મના પરમાણુઓ.

૩ પ્રકૃતિબંધ, રસબંધ, સ્થિતિબંધ અને પ્રદેશબંધ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારના બાહ્ય સંયોગો કેવી પ્રબળ અસર કરે છે તે સ્ફુટપણે સમજાવે છે તો હવે રૂપી કર્મવર્ગણાઓ જે પ્રત્યક્ષપણે આપણે દેખી શકતા નથી તે પણ આત્મા ઉપર પોતપોતાના સ્વભાવ અનુસાર જુદી જુદી અસરો કરે તો તે યુક્તિ કે પ્રમાણથી અતિરિક્ત નથીજ.

'અંતરાય' કર્મ પણ આવીજ રીતે વિશિષ્ટ પ્રકારની અસર આત્મા ઉપર કરે છે. જે અસર વડે આત્મબળનો હ્રાસ થતાં તેની ગગનવિહારી ગતિનો ઉપક્રમ થાય છે. અનંત વીર્યવાન્ આત્મા જો તે કર્મથી મુક્ત હોય તો તેને કદાપિ કોઇપણ પ્રકારનું વિઘ્ન નડેજ નહિ તેમજ તે કોઇપણ બહારના સંયોગથી સ્વગુણથી ચ્યુત થાય નહિ, પરંતુ 'અંતરાય કર્મ'નું પ્રાબલ્ય થતાં તેના નિર્દોષ ગુણોનું આક્રમણ થાય છે અને એક વખત આત્મબળ ફોરવી કોઇ પણ પ્રકારનું ઉત્તમ પ્રશસ્ત કાર્ય કરવા તત્પર બનેલો હોવા છતાં તે મનુષ્યનું પ્રસ્તુત કાર્ય અટકી પડે છે અને સમુદ્રમાં જેમ પૂર જોસમાં ચાલી જતી નૌકાનો વેગ ખરાબા સાથે અથડાવાથી કુંઠિત થઇ જાય છે તેમ આત્મબળનો વેગ અટકી પડે છે, આનું કારણ પૂર્વબદ્ધ અંતરાય કર્મની સંતતિ છે.

[1]પાંચ કારણો જે જૈન દર્શન દરેક વસ્તુસિદ્ધિના નિમિત્ત રૂપે રજુ કરે છે તેમાં 'કર્મ' એ પણ મુખ્ય કારણ છે. ઉદ્યમ–સ્વભાવ–ભવિતવ્યતા આદિ જે વખતે કર્મ વિલાસનો ઉદ્ભવ થાય છે, અર્થાત્ કર્મની ઉદિત અવસ્થા પ્રકટ થાય છે, ત્યારે સર્વ કારણો ગૌણબની જઇ કર્મને આધીન થાય છે અને આસપાસના મનુષ્યોમાં બીજા બધા કારણો ગૌણતામાં મૂકાઇ કર્મનો દોષ મૂકાય છે, જ્યારે સ્વકાર્યમાં કોઇ પ્રકારનું વિઘ્ન આવે છે ત્યારે 'અંતરાય કર્મ' ને દોષ દેવાય છે અને એ રીતે અંતરાય કર્મનું સામર્થ્ય ગવાય છે. આ અંતરાય કર્મ '**श्रेयांसि बहु विघ्नानि**' એ વાક્ય અનુસાર ખાસ કરીને આત્મગુણને પુષ્ટિકર દાન–લાભ–ભોગ ઉપભોગ અને વીર્ય આદિ શક્તિઓમાં આડે આવે છે અને એ રીતે પોતાનો વિલાસ સ્થૂલ સ્વરૂપમાં પ્રત્યક્ષ કરે છે. અંતરાય કર્મના ઉદયથી પ્રાણી દાન દઇ શકે નહિ, ઇચ્છિત લાભ પાસે આવ્યા છતાં પ્રાપ્ત કરી શકે નહીં અને આત્મબળ વડે ઉદ્યમદ્વારા પ્રાપ્ત કરેલો 'મુખમાં આવેલો ગ્રાસ' પાછો જાય છે અને ઇચ્છાઓ હોય છતાં કૂપની છાયાની જેમ તે શુભેચ્છાઓ મનમાંજ સમાઇ જાય છે, આ રીતે આત્મબળને કુંઠિત કરનાર અનેક વિઘ્નોના પ્રસંગો ઉભા થાય છે.

માનવ જન્મની અમૂલ્યતા શામાટે સત્શાસ્ત્રોએ નિવેદિત કરેલી છે તેનું રહસ્ય

---

1 કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, ઉદ્યમ અને કર્મ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજાવતાં શ્રીમદ્ આનંદઘનજી વદે છે કે ' क्यासोवे उठजाग बाउरे ' એ એમ સૂચન કરે છે કે હે ભાઇ હજી સુધી કેમ મોહ નિદ્રામાં સુતો છો ! જાગૃત થા ! વિચાર કર તારી જીંદગીમાં કાંઇ પણ સુકૃત કરવા ઇચ્છતો હો તો આવતી કાલે કરવા ધારેલું કાર્ય આજેજ કર અને બીજા પહોરમાં કરવા ધારેલું કાર્ય પહેલા પહોરમાં કર ! સદાગમ અને સદ્ગુરૂના વચનામૃતથી આત્મામાં પૂર્વ પરિચિત કઠોરતા દૂર થઇ સદ્બુદ્ધિનો ઝળકાર, જિજ્ઞાસુપણું, અને કર્તવ્ય પાલનામાં તત્પરતા વિગેરે ગુણોની સ્નિગ્ધતા પ્રકટ થતાં કાંઇ પણ ઉત્તમ કાર્ય કરી કૃતકૃત્ય થવા પ્રેરાતા મનુષ્યો ઝઝુમી રહેલા અનેક વિઘ્નોથી ઉપહત થાય છે અને કાર્ય ફળથી મનુષ્યોને એ નસીબ રાખે છે. સૂક્ષ્મ વિચાર કરતાં વિઘ્ન એ વસ્તુતઃ શું છે ? તે દૂર કરી શકાય કે કેમ ? એનો નિર્ણય પ્રાણીઓને એવું ઊચ્ચજ્ઞાન અર્પે છે કે તે પ્રાણીઓ પુનઃ સતેજ થઇ विघ्नेः पुनः पुनरपि प्रतिहन्यमानाः प्रारब्ध मुत्तम जना न परित्यजंति એ ન્યાયે કાર્યની પ્રગતિમાં પુનઃ પ્રયત્ન સેવે છે અને સર્વ સંયોગોની પરિપૂર્ણતા પ્રાપ્ત કરી ફલદ પરિણામ નીપજાવે છે.

જૈન દર્શનના પારિભાષિક શબ્દોમાં વિઘ્ન એ ' અંતરાય કર્મની ઉદિત સ્થિતિ ' છે આ અંતરાયકર્મ કર્મગ્રંથમાં દર્શાવેલા ' [૨]જિનપૂજામાં વિઘ્ન કરવાથી, હિંસકકાર્યોમાં તત્પર થવાથી, અસત્ય વિગેરે બોલવાથી ' આ કારણો વડે ઉપાર્જન થાય છે અને उदउविवाग वेअण એટલે તે કર્મનો ઉદય વિપાક અવસ્થાએ વેદવું તે છે. આ વિપાક અવસ્થા એજ વિઘ્ન છે. અને અહીં સર્વ બીજાં કારણો ગૌણતામાં આવે છે.

આ રીતે ઉદ્યમાદિ કારણોને બાજુએ મૂકી 'અંતરાય કર્મનો ઉદય' અદ્ભૂત કામ કરેછે છતાં ક્રિયા અને પ્રતિક્રિયાના નિયમાનુસાર ઉંડી પ્રબળ શ્રદ્ધાયુક્ત ઇચ્છાથી જે કાર્ય ફળની મનુષ્ય આશાને સેવે છે તે કાળાંતરે મળ્યા વિના રહેતું નથી. જો શ્રદ્ધા અને આશા તીવ્ર અને અધિક પ્રબળ હોય છે તો જે વસ્તુ સિદ્ધિની મનુષ્યોએ આશા સેવી હોય છે તે વસ્તુ ઉત્કૃષ્ટ સ્વરૂપે સમયના પરિક્રમ પછી પ્રાપ્ત કરેછે પરંતુ એ સંકલ્પની નિર્દોષતા અને ઉચ્ચતા ઉપર ઓછો આધાર નથી. શ્રદ્ધા અને નિર્દોષ ઇચ્છા એ એવી વસ્તુઓ છે જે પૂર્વબદ્ધ કર્મનો વિનાશ કરવા સબળ સાધનભૂત બને છે.

આ ઉપરથી સંક્ષિપ્તપણે એ અનુભવ ફલિત થાય છે કે પ્રાણીઓએ અંતરાય કર્મનો બંધ પાડતી વખતે ચેતવું જોઇએ. ઉદિત અવસ્થામાં નિરાશા અને ખેદ સેવવાં તે કરતાં 'બંધ સમય ચિત્ત ચેતોરે' એ વાક્યને વારંવાર સ્મરણમાં રાખી

૧ વિઘ્નોથી વારંવાર ઉપહત થવા છતાં આરંભેલાકાર્યોને સત્પુરૂષો તજી દેતા નથી.

૨ जिणपूआविग्घ करो हिंसाइ परायणो जयइ विग्घं

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુકૂળ અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત થવું અને 'કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે' એ ઉદ્બોધક વાક્યનું અવલંબન લઇ પુનઃ આત્મવીર્યને પ્રગતિમય કરી અંતરાય કર્મની ઉદિત અવસ્થા કાળક્રમે અળપાઈ જાય તેવો પ્રયત્ન સેવવો ઉચિત ગણાશે.

શા. ફતેચંદ ઝવેરભાઇ.
ભાવનગર.

---

# हठाद्धर्मः

## હઠથી શું ધર્મ-પ્રાપ્તિ થઇ શકે છે?

## લેખક. મુનિ મણિવિજયજી. મુ. લુણાવાડા.

હઠઃ—હે મહાનુભાવ જો તો ખરો. હઠઃ આ શબ્દ તો એકજ છે અને તેના વર્ણ માત્ર બેજ છે તથાપિ કાર્યો તો મોટા મોટા કરે છે. કોઇ કોઇ વાર છોટાના મોટા અને મોટાના છોટા. કાર્યનો ચિતાર આબેહુબ દુનિયાના જીવોને પ્રત્યક્ષ બતાવી આપે છે.

હઠઃ—એટલે કર્કશતા ( કઠોરપણું ) અથવા કદાગ્રહને વિષે ગળી જવાપણું. પકડેલું પ્રાણાંત કષ્ટે પણ નહિ છોડવા પણું. જે વચન પકડાઈ ગયું હોય તે સત્ય હોય અથવા અસત્ય હોય તો પણ. તેને છોડવું નહિ. આવો જે કદાગ્રહ તેનું નામ હઠ કહેવાય છે.

જેમકે રાવણે સ્વ પરાક્રમ વડે કરી ત્રિલોકી ત્રણે લોકમાં નિષ્કંટકપણું કરેલું હતું. અર્થાત્ સ્વાયત્તવશ વર્ત્તિ કરેલુ ત્રિલોકીનું પણ રાજ્ય સ્વ કદાગ્રહ. હઠથી નાશ પામ્યું. એટલે લંકાના રાજ્યને હારી જઇ મરણ પામ્યો પરંતુ સીતાને અર્પણ કરી નહિ. સીતાને હરણ કરી જવાથી રાવણના કુટુંબપરિવારે તથા રામ લક્ષ્મણ તથા તેમના પરિવારે. સીતાને પાછી આપવા માટે ઘણોજ સમજાવ્યો પણ સમજ્યો નહિ ને રણસંગ્રામમાં લક્ષ્મણના હાથે મરણ પામી ચતુર્થ નર્કે ગયો. આ સર્વે પ્રતાપ હઠ (કદાગ્રહનોજ છે) ઉત્તમ પ્રાણિયો કોઈ દિવસ હઠને કરતા નથી. અને હઠ વડે કરી રહિત એવા ઉત્તમ જીવોનું સ્વરૂપ શાસ્ત્રને વિષે ઘણાજ વિસ્તાર ભાવે લખાએલું છે એટલે તે સંબંધી દ્રષ્ટાંતો શાસ્ત્રમાં ઘણાજ છે

કહ્યું છે કે માણસોને જ્યારે આપત્તિ (દુઃખ) આવનારૂં હોય છે ત્યારે દ્રઢ પદાર્થ હોય તે પણ કોમળ થઈ જાય છે. કારણ કે મૃદુ કહેતા કોમળ નાનો એવો અગ્નિનો કણ પણ દ્રઢ એવી મોટી મોટી પથ્થરની શિલાઓને પણ ભેદી નાખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોડી નાખે છે વળી પણ કહ્યું છે કે.

यतः

तेजस्विना गृहीतं, मार्दव मुपयाति पश्यलोह मपि
पात्रंतु महद्भिहितं, तरति तदन्यंचतारयति, ॥ १ ॥

**ભાવાર્થ:**—તેજસ્વિના ગ્રહણ કરેલું કઠોર એવું લોખંડ છે તે પણ મૃદુતા કોમળ પણાને પામે છે અર્થાત્ અગ્નિને વિષે નાખેલું લોહુ કઠણ હોય તો પણ મૃદુ પણાને પામે છે પીગળી જાય છે ને તેજ લોખંડનું પાત્ર (ભાજન કરેલું હોય તેને પાણીને વિષે મુકવાથી તરે છે ને બીજાને પણ તારે છે. કહેવાનો સાર એ છે કે અભાગ્યનો ઉદય હોય ત્યારે કોમળ હોય તે પણ કઠોર થાય છે ને સદ્ ભાગ્યનો ઉદય હોય ત્યારે કઠોર પણ કોમળપણાને પામે છે. જેવો જેવો ઉદય હોય તેવા તેવા અધ્યવસાયને કરણીયો સુઝે છે ને ફળો પણ તેવાજ પ્રાપ્ત થાય છે.

**વિવેચન:**—ગમે તેવો જડ બુદ્ધિવાળો માણસ હોય પણ જો તેને શુભ કર્મનો ઉદય થાય તો તેને તથા પ્રકારના ઉત્તમ માણસો જોડે પ્રીતિ થાય છે અને તેમ કરવાથી પોતાના કઠોર પણાના મહા દુર્ગુણોને દૂર કરી અત્યંત સરલપણાને પ્રાપ્ત કરે છે અને તેથી કરી લોકોને વિષે માન મહત્વપણાને મેળવી શકે છે. અધર્મી અવિવેકીપણાને જલાંજલી આપી સધર્મી સવિવેકી થઇ પોતાના માનવ જન્મને સફલ કરી શકે છે અને પ્રાણિયોના જ્યારે અભાગ્યનો ઉદય થાય છે ત્યારે ગમે તેવા કોમળ અંતઃકરણનો હોય તો પણ કઠોર થઇ જાય છે અને તે પાછા મૂળ સ્થિતિને વિષે આંવવા મહા મુસ્કેલ થઇ પડે છે. કારણ કે જેવો સહવાસ હોય છે તેવાજ ગુણો અને દુર્ગુણો પ્રાપ્ત થાય છે. વળી ફણિધરના મસ્તક ઉપર રહેલો મણિ ઉત્તમ છે અનેઝેરને નાશ કરવાવાલો છે તો પણ ફણિધર નિર્વિષપણાને પામતો નથી. અહો ! અહો ! કર્મની મહા વિચિત્રતાતો જુઓ ! કર્મથી કોઈ અશુભ હોયતો શુભ પણાને પામે, શુભ હોય તો અશુભ પણાને પામે. કઠોર હોયતે મૃદુ પણાને પામે મૃદુ હોયતે કઠોરપણાને પામે. કોઇ સત્સંગ છતાં પણ નિર્મલ ન થાય. અને કોઇ સ્વભાવથી સહજ વાતમાં નિર્મળ થાય છે. જે જીવોને જેવા જેવા સંજોગ મલે છે તેવા તેવા ભાવ વિપાકોને મેલવે છે. તેજ પ્રમાણે વર્તે છે તેમજ હઠ વાદીયોનું પણ એવુંજ સમજવું જો કે હઠ સર્વથા નિંદનીક છે. તથાપિ કોઇને ધર્મની ઉત્પત્તિના કારણભૂત થાય છે. બાહુબલિ રાજાના પેઠે

हठेबाहुबलि दृष्टांतो यथाः—

જે અવસરે અઠ્ઠાણું લઘુ બંધવોના રાજ્યને હરણ કરી ભરત રાજાએ બાહુબલીના ઉપર દુત મોકલ્યો, ત્યારે તે દુતને બાહુબલીયે કહ્યું કે, અરે તહારા સ્વામીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છ ખંડ મલ્યા તે પણ જેમ અગ્નિ ઇંધન ( લાકડાથી ) તૃપ્તિ પામતો નથી તેમ તહારા સ્વામિને તૃપ્તિ થતી નથી. અઠ્ઠાણું ભાઇઓના રાજ્યને ગૃહણ કરી લીધા, તે પણ અત્યંત લોભી થઇ સંતોષને ત્યાગ કરી પાછો મહારૂં રાજ્ય પણ લેવાની ઇચ્છા કરે છે અને ચણાની લીલાવડે કરી મરીને ( તીખાને ) પણ ખાઈ જવા ઇચ્છે છે. અર્થાત્ અઠ્ઠાણું ભાઇઓના રાજ્યને તો ચણાના ( દાલીયા ) ના પેઠે ઝટપટ ખાઇ ગયો. લઈ લીધા. પણ ચણાના પેઠે મરીને ખાઈ જઇ શકે તેમ નથી. કારણકે હું તો મરી જેવો તીખો અગ્નિના ભડકા જેવો છું તેથી મને વશ કરતાં પહેલા ચક્ષુમાંથી આસુંપણ નીકળી જશે. જેમ મરી ખાનારની આંખોમાંથી આંસુ નીકળી જાય છે તેમ મહારૂં રાજ્ય હરણ કરતા પણ તેમજ થવાનું છે. જેમ મરી આંસુ કઢાવે છે, જીભ અને ઓષ્ટ કહેતા હોઠને બાળી નાંખે છે. તેમ હું પણ મરી જેવો જ છું. અઠ્ઠાણુંના રાજ્ય જટપટ લઇ લીધા તેમ તહારા સ્વામીથી મહારૂં રાજ્ય લઇ શકાય તેમ નથી. માટે કહે તહારા સ્વામીને રાજ્ય આપવા આવું છું. આવી રીતે કહી ભરત મહારાજાના દુતને બાહુબલીયે વિસર્જન કર્યો અને તેના પાછળ બાહુબલી લશ્કર લઇને ચાલ્યા, બાહુબલીને આવતા જોઇ ભરત મહારાજા પણ લશ્કર લઇ સન્મુખ ગયા ને અરસપરસ બાર વરસ પર્યંત મહાઘોર રણસંગ્રામ ચાલ્યો પણ બન્નેમાંથી એક પણ હાર્યા નહિ ત્યારે ઇંદ્ર મહારાજે આવીને કહ્યું કે, વૈર તમારા બન્નેને છે તેમાં બીજા લાખો માણસોના જીવને શું કામે જોખમમાં નાખો છો? આવી રીતે ઇંદ્રમહારાજના કહેવાથી તેમણે કહેલા દૃષ્ટિ યુદ્ધ ૧ વાક યુદ્ધ ૨ મુષ્ઠિ યુદ્ધ ૩ દંડ યુદ્ધ ૪ આ ચાર પ્રકારના યુદ્ધ કર્યાં, તેમાં પણ ભરત મહારાજનો પરાજય થયો. તેથી ભરતમહારાજા વિચાર કરવા લાગ્યા કે આ ચક્રવર્ત્તિ છે કે હું છું ! આવી રીતે વિચાર કરે છે તેવામાં દેવતાયે ચક્ર ભરત રાજાને આપ્યું. તેમણે રોષથી બાહુબળજી ઉપર છોડયું તે પણ બાહુબળને પ્રદક્ષિણા કરી પાછું ભરત રાજાના હાથને વિષે આવ્યું, કારણ કે એક ગોત્રીયોને વિષે તે પરાભવ કરી શકે નહિ. તે અવસરે ભરત મહારાજા ઉપર અત્યંત ક્રોધ ચડવાથી મુષ્ટિ ઉપાડી બાહુબળજી મારવા દોડયા ને થોડેક દુર જઈ વિચાર કરવા લાગ્યા. અહો અહો. મેં શું કરવા માંડયું. પિતાતુલ્ય જેષ્ટ ભ્રાતા મોટાભાઇનો વધ કરવા હું તત્પર થયો છું. ધિક્કાર છે રાજ્યને, તેમજ સંસારના દુઃખદાયી વિષય જન્ય સુખોને પણ ધિક્કાર છે. આવી રીતે વૈરાગ્ય તથા સંવેગરંગ પામી, ઉપાડેલી મુષ્ટિ નિષ્ફળ કરવી નહિ એવી રીતે વિચાર કરી પોતાના મસ્તક ઉપર તે મુષ્ટિ મુકી પંચમુષ્ઠિ લોચ કર્યો. દેવતાયે અહો સત્વમ ! અહો સત્વમ ! એમ જયજયારવ કરી પંચ પ્રકારના પુષ્પની વૃષ્ટિ બાહુબળજી ઉપર કરી, સાધુવેષ આપ્યો. તેથી બાહુબળજીયે વ્રત અંગીકાર કર્યું. આવી રીતે પોતાના બંધવને વ્રત અંગીકાર કરેલા દેખી ભરતમહારાજા મનમાં લજ્જા પામી બાહુબલીને નમસ્કાર કરી વિનવવા લાગ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે બંધવ, તું મ્હારો અપરાધ ક્ષમા કર. હું ઓછો છું, ઉછાછળો છું. છકી ગયેલો છું, તું મોટો મહારાજ છે, તું મ્હારો અપરાધ ક્ષમા કર! મ્હારે તહારા સાથે વૈરભાવ નથી.

હે બંધવ, હું મહાઅપરાધી છું. હું મહા પાપીષ્ટ છું. અનેક અકાર્યને કરવા-વાલો છું. છ ખંડની ભૂમિને વશ કર્યાં છતાં પણ મ્હારી લોભી તૃષ્ણા શાંત થઇ નહિ તેથી મેં અઠ્ઠાણું ભાઇયોના રાજ્યને ગૃહણ કર્યા, હવે તું મ્હારે એકજ બંધવ છે તે પણ વ્રત લઇને બેઠો તો હું દુનિયાના અંદર અપયશથી લોકોને મ્હારૂં મુખ કેમ દેખાડીશ, આ દુનિયાને વિષે હવે હું કેમ રહી શકીશ. માટે હે બંધવ, આ રાજ્ય સર્વ તહારૂં છે તેને તું ગૃહણ કર અથવા તહારી મરજી પડે તેને આપી દે. હે બંધવ, એકવાર તો બોલ. હે બંધવ, એકવાર તું મ્હારા સન્મુખ જો. તું ન જુવે તો તને રિષભદેવજી તાતની આણ છે. એકવાર હસીને બોલ. હે બંધવ, મહારો જન્મ સફળ કર. આવી રીતે વિવિધ પ્રકારો વિલાપને કરતાં ચક્ષુ થકી અશ્રુની ધારાને ઝરાવતાં પશ્ચાતાપને કરી કરગરવા લાગ્યા.

ભરત મહારાજાના વિવિધ પ્રકારના વચનોદ્ગારને શ્રવણ કરી બાહુબલજી મહારાજ લેશ માત્ર ડગ્યા નહિ, ચલાયમાન થયા નહિ એટલે સંસારને વિષે પ્રીતિ-ભાવવાળા થયા નહિ.

ત્યારબાદ ભરત મહારાજા બાહુબલી મુનિને નમસ્કાર કરી પોતાનો અપ-રાધ ખમાવી તેમના પુત્ર સોમયશાને રાજ્ય આપી શોકાતુર થયા છતાં અયો-ધ્યાને વિષે ગયા.

હવે બાહુબલી વિચાર કરે છે કે મહારા પહેલા મ્હારા લઘુ બંધવોએ દિક્ષાને અંગીકાર કરેલી છે, તે વયને વિષે મ્હારાથી લઘુ છે તો તેમને હું નમ-સ્કાર કેમ કરૂં, માટે ઇંહાંજ રહી ધ્યાન ધરી કેવળજ્ઞાન ઉપાર્જન કર્યા પછી તાતજી રિષભદેવજી પાસે જઇશ. આવો વિચાર કરી કર્મક્ષીણ કરવા માટે કાઉસ્સ-ગ ધ્યાને રહ્યા. આવી રીતે એક વર્ષ પર્યંત કાઉસ્સગ ધ્યાનમાં નિશ્ચલ રહેવાથી શરીર શુષ્ક થઇ ગયું, ઇંદ્રિયો હણાઇ ગઇ, શરીર નિસ્તેજ થઇ ગયું, શીત તાપથી સુકાઇ જઇ દુર્બલ થઇ ગયા. વર્ષાઋતુમાં વેલડીયોથી વીંટાઇ ગયા, પશુપક્ષીઓયે માળા નાખ્યા, વેલડીયોથી વીંટાણા. પગને વિષે વલ્મીક (રાફડા) માટીના ટેકરા વૃદ્ધિ પામ્યા. આવી રીતે વર્ષને છેડે અવબોધ કહેતા જ્ઞાન થશે એવું જાણી રિષભદેવજી મહારાજે બ્રાહ્મી તથા સુંદરીને મોકલ્યા. અત્યંત દુર્બલ અને નહિ ઓલખી શકાય એવા બાહુબળજીને મહા મહેનતે ઓલખી કહ્યું કે હે, બંધો ગજથકી નીચા ઉતરો! ગજ ઉપર ચડેલાને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. આવી રીતે કહીને ગયા પછી બાહુબ-ળજી ચિત્તમાં ચમત્કાર પામી વિચાર કરવા લાગ્યા. અહો! અહો! મેં હસ્તી ઘોડા રથ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાયદલ રાજ્ય રિદ્ધિ રમણી પરિવાર સર્વને ત્યાગ કરેલા છે ને મ્હારે હસ્તિ કયાં· થી, તેમજ પરમ પવિત્ર બન્ને મ્હારી બેન સાધવીઓ જે છે તે અસત્ય પણ બોલે નહિ. એમ વિચાર કરતાં ક્ષણ માત્રમાં સાવધાન થયા. ને વિચાર્યું કે, હા ! હા. મેં જાણ્યું. માન રૂપી હસ્તિના ઉપર ચડેલો છું. મ્હારા સરખા વિવેકી પુરૂષોને આ માન જોઈયેજ નહિ. અહો ! લઘુ ભાઇઓ છે તે પણ દિક્ષા તથા કેવલથી મ્હારાથી મોટાજ છે માટે મારે વંદન કરવા લાયક છે, માટે હું માનને છોડી અહિંથી જલ્દી જઇ રિષભદેવ સ્વામી તથા મ્હારા બંધવોને નમસ્કાર કરૂં આવો વિચાર કરી જેવો પગ ઉપાડે છે તેવામાંજ બાહુબલિ મહારાજને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું; ત્યાંથી તે જઇ પ્રભુને પ્રદક્ષિણા કરી કેવલીની પર્ષદાને વિષે બેઠા. અને તે સમયમાં ભરત મહારાજા રાજ્ય કરવા લાગ્યા. મરિચી સિદ્ધાંતના જ્ઞાનના જાણ થયા.

આવી રીતે હઠથી કરેલો ધર્મ પણ મહા ફળ દાયક થાય છે તો જે મહાનુભાવો હઠને ત્યાગ કરી ધર્મનું આરાધન કરે તે ઉત્તમ ગતિને પામે તેમાં કાંઇ આશ્ચર્ય નથી.

इति हठे श्री बाहुबलि संबंधः संपूर्णः

## દાનવીર રત્નપાળ.

( ગતાંક પૃષ્ટ ૧૨૬ થી શરૂ. )

**મુગ્ધભટ્ટની સ્ત્રી સુલક્ષણાનું દ્રષ્ટાંત.**

કોશાંબી નગરીની પાસે **શાલિગ્રામ** નામે એક રમણીય પ્રદેશમાં ગામ આવેલું છે. તે ગામ પૂર્વે સમૃદ્ધિમાન્ હતું. તેમાં ગુણોનો ધામ રૂપ **દામોદર** નામે બ્રાહ્મણ રહેતો હતો. શંકરને ઘેર જેમ ઉમા પાર્વતી છે, તેમ તેને ઘેર **સોમા** નામે એક સતી સ્ત્રી હતી. તે દામોદર અને સોમા બંને દંપતિથી મુગ્ધભટ્ટ નામે એક મુગ્ધ સ્વભાવ–ભોળા સ્વભાવનો પુત્ર થયો હતો. તે મુગ્ધભટ્ટને સારા કુળમાં ઉત્પન્ન થયેલી નામ પ્રમાણે ગુણવાળી **સુલક્ષણા** નામે સ્ત્રી પરણાવી હતી. એક સમયે તે દામોદર અને સોમા–માતાપિતાનો સ્વર્ગવાસ થયો. તે પછી મુગ્ધભટ્ટ ગરીબાઇમાં આવી ગયો એટલે પોતાની પ્રિયા સુલક્ષણાને ઘેર મુકી તે દેશાંતરમાં ચાલ્યો ગયો. સુલક્ષણા ઘરમાં એકલી રહી તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે મોટું કે નાનું કોઇપણ માણસ રહ્યું નહીં. આથી તેણી સદાચાર અને સત્કુળની મલિનતા થઇ જવાનો ભય ધરવા લાગી. કારણકે, ચપળ પ્રકૃતિવાળું યોવન વય એવું ઉચ્છૃંખળ છે કે, તેમાં વિષયોનું સ્મરણ થવાથી માણસ પોતાના મનને કોઇપણ રીતે રોકવાને સમર્થ થઇ શકતું નથી. સતી સુલક્ષણાએ પોતાના શીળની રક્ષા કરવા માટે અને મનનો નિરોધ કરવા માટે **કમળશ્રી** નામે એક ધનાઢ્ય-ગૃહસ્થની સુશીળ સ્ત્રી સાથે મૈત્રી બાંધી. સતી સુલક્ષણા તે કમળશ્રીને ઘેર જતી અને તેણીની સાથે સ્નેહગોષ્ટી કરી પોતાના મનને દુરાચારના માર્ગથી અટકાવતી હતી.

એક વખતે નિર્મળ હૃદયવાળી **વિમળા** નામે કોઇ સાધ્વી આવ્યા અને તે પરિવાર સહિત કમળશ્રીના ઉપાશ્રયમાં ઉતર્યા. સુલક્ષણા બ્રાહ્મણી હતી, તેથી તેણીએ પૂર્વે કોઇવાર જૈન સાધ્વીઓ જોયેલી ન હતી તેથી આ વિમળા વગેરે સાધ્વીઓને જોઇ મુગ્ધપણાને લઇને તેણીએ આશ્ચર્ય સાથે પોતાની સખી કમળશ્રીને આ પ્રમાણે પુછ્યું, “ સખી વિમળા, આ સાધ્વીઓ ધણી વગરની થઇ પૃથ્વી ઉપર કેમ ફરતી હશે ? તેમને પતિ, પ્રજા કે કુટુંબ હશે કે નહીં ? તેમના શરીર ઉપર માંગલિક આભૂષણો કાંઇ પણ દેખાતા નથી અને તેમના શરીર શૃંગાર તથા વેષ વગરના કેમ છે ? તેમજ તેમના મસ્તક ઉપર વાળ કેમ નથી ? ” સુલક્ષણાની આવી મુગ્ધતા જાણી કમળશ્રી બોલી-“ સખી, આ સાધ્વીઓ કહેવાય છે. તે મહાસતીઓ છે. સત્ય સંયમરૂપ તેમનું જીવિત છે. તેઓએ માંગલિક આભૂષણો ત્યજી દીધાં છે. સર્વ જાતના દૂષિત પદાર્થોનો તેમણે ત્યાગ કર્યો છે કષાયના અભાવથી તેમના હૃદય નિર્મલ હોય છે. તેઓ તત્ત્વાર્થના જ્ઞાનને જાણનારી, નિષ્કપટપણે બ્રહ્મચર્ય પાળનારી, વ્યવહાર માર્ગથી વિરામ પામનારી, સર્વજ્ઞ પ્રભુએ કહેલા અનુષ્ઠાનને આચરનારી અને આશ્રવોના દ્વારને બંધ કરનારી હોય છે. આ સાધ્વીઓ આ સંસાર સાગરમાં પડેલી પોતાની સ્ત્રી જાતિનો ઉદ્ધાર કરવાને માટે કૃપાથી કૃતાર્થ થઇ આ પૃથ્વી ઉપર વિચરે છે. હે સખી સુલક્ષણા, આ સાધ્વીઓનું મન માતાપિતા વગેરે સંસારનો સર્વ સંબંધ છોડી સર્વ જાતના પાપકર્મની વિરતિમાં લાંબા કાળથી લીન થયેલું હોય છે. આ સાધ્વીઓમાં કેટલીએક રાજાઓની અને કેટલીએક વ્યાપારીઓની પુત્રીઓ દાખલ થયેલી હોય છે. તેઓ આ સંસારના ભોગથી વિરક્ત થઇ નિઃસંગ ધર્મને આશ્રિત થયેલી છે. આ પવિત્ર સાધ્વીઓને રાજાઓ અને શ્રીમંતો વગેરે સર્વે શ્રદ્ધાથી પોતાની કુળદેવી હોય અથવા માતા હોય તેમ ગણી તેમનું બહુમાન કરે છે. સખી, પરમાર્થ દૃષ્ટિવાલી આ સાધ્વીઓનો સમાગમ પુણ્ય વિના મળવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુશ્કેલ છે, કારણકે, એ પવિત્ર સાધ્વીઓની સંગતિ શમ તથા સમતારસની પરબ રૂપ ગણાય છે. આ સાધ્વીઓની વંદના અને આરાધના સર્વ દુઃખને હરનારી છે અને એમના ચરણની રજ જો લલાટે સ્પર્શ કરી હોય તો તત્કાળ ઈષ્ટ વસ્તુને આપનારી થાય છે." પોતાની સખી કમલશ્રીના મુખથી સાધ્વીઓના ગુણ જાણી સરળ પ્રકૃતિ-વાળી સુલક્ષણા પોતાના હૃદયમાં વિસ્મયથી આ પ્રમાણે વિચાર કરવા લાગી–"મારા પતિ પરદેશ ગયા છે તેથી મારૂં ચિત્ત અલ્પકાળ સુધી કોઇપણ રીતે સન્માર્ગે રહેતું નથી. તો આ સાધ્વીઓ પોતાના શીળને સર્વ પ્રકારે શુદ્ધ કેમ રાખી શકતી હશે ? અને યૌવન વયથી ચપળ એવા મનને શી રીતે અટકાવી શકતી હશે ? શું તેઓ કોઈપણ એવો મંત્ર જાણતી હશે ? અથવા તેમની પાસે એવી કોઇ ઔષધી હશે ? અથવા તેમને ગુરૂએ એવો કોઈ પ્રકાર બતાવ્યો હશે ? તેમના મનનો રોધ કેવી રીતે થયો હશે ? એ વાત હું જાતેજ એકવાર સાધ્વીને પુછી જોવું કારણકે, કુલીન સ્ત્રીઓને એ વાત ઘણી ઉપયોગની છે." આવું વિચારી સુલક્ષણાએ વિમળા ગણિ-નીને આ પ્રમાણે પુછ્યું–"માતા, તરૂણ સાધ્વીઓ પોતાના ચપળ મનને શી રીતે રોકી શકિત હશે ? એ વાત મને સારી રીતે સમજાવો." સાધ્વીએ જણાવ્યું, "નવાનવા સત્કર્મ કરવામાંજ મનને જોડનારી સાધ્વીઓનું મન પછી કદિપણ કુમાર્ગે જતું નથી. બ્હેન સુલક્ષણા, તે વિષે એક દૃષ્ટાંત છે. જેમ હાથીનું મન ઉચ્છૃંખળ હોય છે, પણ તેના મર્મ સ્થળમાં અંકુશ ઘોંચવામાં આવે છે, તેથી તેનું મન પછી સદા અંકુશમાંજ લીન રહે છે, તેના મનમાં કદિપણ પોતાના સ્વતંત્ર સ્થાનરૂપ વિંધ્યાચળનું ચિંતવન થતું નથી, તેવી રીતે અમો સાધ્વીઓનું મન સદા સારા સિદ્ધાંતોનું અધ્યયન, અને અધ્યાપન વગેરેમાં તલ્લીન રહેવાથી તે વિષયોનું સ્મરણ કદિ પણ કરતું નથી. જેમ ચપળ એવો પણ મર્કટ કંઠમાં શૃંખળા નાંખવાથી પોતા-ના યોગીનેજ અનુસરે છે. તેવી રીતે મન ચપળ છે, પણ જો તે નિયમિત કર્યું હોય તો આત્માના વ્યાપારને જ અનુસરે છે. જેમ પવનના માર્ગમાં આવેલું રૂ આકાશમાંજ પ્રવર્ત્તે છે તેમ લગાડેલું મન આત્માના સારા કે નઠારા વેપારમાં પ્રવર્તે છે. પ્રિય બ્હેન, તેથી સજ્જન મનુષ્યોએ પોતાના મનને હંમેશાં સંયમના યોગોમાંજ પ્રવર્ત્તાવવું; વ્યાપારમાં પ્રવર્તે તેવા યોગોમાં પ્રવર્તેલું મન કદિપણ નઠારા માર્ગમાં જતું નથી તેને માટે પ્રશમરતિ ગ્રંથમાં કહેવામાં આવ્યું છે કે, "પિશાચનું આખ્યાન અને એક કુલવધૂનું ગોપને ઘેર જવાનું આખ્યાન સાંભળીને ઉત્તમ પુરૂષોએ પોતાના મનને સંયમ યોગમાં વ્યાપારવાળું કરવું જોઈએ" બ્હેન સુલક્ષણા, સંયમ એ ઉત્તમ વસ્તુ છે. તે સર્વથી અને દેશથી પાળવાથી શુદ્ધ ગણાય છે. સમ્યક્ત્વની દૃઢતાને માટે સ-મ્યક્ત્વનું સ્વરૂપ આ પ્રમાણે કહેલું છે, જીવ–અજીવ વગેરે નવતત્ત્વોના અર્થને સ્વ-ભાવથી અને ઉપદેશથી જે જીવ શ્રદ્ધા પૂર્વક સ્વીકારે તે **સમ્યક્ત્વ** કહેવાય છે, તેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યકત્વમાં બુદ્ધિને સ્થિર કરી જે મનુષ્ય સર્વ આવશ્યક ક્રિયાઓને યથાકાલ આચરે તે મનુષ્ય અલ્પ સમયે મુક્તિને પામે છે."

સાધ્વી વિમલાના સદ્વચનથી કહેલા આ ઉપદેશથી સુલક્ષણા લઘુકર્મી હોવાથી તત્કાલ આર્હત ધર્મને પ્રાપ્ત થઇ. તે પછી તેણી શ્રાવકની સર્વ ક્રિયાઓને સાધ્વીજી પાસેથી શીખી અને તેને યથાશક્તિ તે સદા આચરવા લાગી. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી તેણીએ અનુક્રમે તે સાધ્વીની પાસેથી જૈન પ્રવચનમાં પ્રવીણતા મેલવી. ત્યાર પછી તેણીનું મન જલમાં માંછલાની જેમ નવા નવા ધર્મકાર્યોમાં લીન થઇ ગયું અને તેથી તે બીજા વિષયોનું સ્મરણ કરતાં અટકી ગયું.

તે પછી લાંબે વખતે સુલક્ષણાનો પતિ મુગ્ધભટ્ટ દેશાંતરથી ઘેર આવ્યો. તેણે આવતા વેંતજ સુલક્ષણાને પુછયું કે, "હે સુંદરી' તું મારા વિયોગે લાંબો વખત શી રીતે રહી શકી હતી?" સુલક્ષણાએ જણાવ્યું, "સ્વામી' મારૂં મન સદ્ધર્મમાં સદા વ્યાપારવાળું હતું, તેથી તમારા વિયોગની પીડા મને જરા પણ જણાઈ નથી." મુગ્ધભટ્રે આશ્ચર્યથી પુછયું. "પ્રિયે' તારૂં મન એવા કયા સદ્ધર્મમાં લીન થયું હતું?" સુલક્ષણા બોલી. "પ્રાણનાથ' તે સમ્યગ જ્ઞાન, શ્રદ્ધાન અને ચારિત્ર રૂપી જૈન ધર્મ છે. સંક્ષેપથી અથવા વિસ્તારથી જે યથાર્થ તત્ત્વોનો બોધ થાય, તેને વિદ્વાનો સમ્યગજ્ઞાન કહે છે. શ્રી જિન ભગવંતે કહેલા તત્વો ઉપર રૂચિ થાય, એ સમ્યગ શ્રદ્ધાન કહેવાય છે, તે સ્વભાવથી અને ગુરૂના ઉપદેશથી પ્રાપ્ત થાય છે. સર્વ સાવદ્ય યોગનો ત્યાગ કરવો, તે ચારિત્ર કહેવાય છે. તે સાધુને સર્વથી અને શ્રાવકને દેશથી હોય છે." ઇત્યાદિ સુલક્ષણાએ સર્વજ્ઞ કથિત ધર્મને વિસ્તારથી કહી સંભલાવ્યો. તે સરળ સ્વભાવવાળા મુગ્ધભટ્ટના હૃદયમાં ઘણોજ રૂચિકારક થઇ પડયો. સરળ પ્રકૃતિ મનુષ્યજ સહેલાઇથી પ્રબોધ પામે છે. તેને માટે કહ્યું છે કે, "મુગ્ધ માણુસ સુખે આરાધી શકાય છે. વિશેષ સમજુ માણસ તેથી પણ વધારે સ્હેલાઈથી આરાધી શકાય છે, પણ જે જ્ઞાનનો અલ્પ બોધ મેલવી પોતાને પંડિત માની બેઠા હોય, તેવા માણસને તો સાક્ષાત્ બ્રહ્મા પણ રંજન કરી શકતા નથી."

મુગ્ધનાભટ્ટ મુગ્ધહૃદયમાં સર્વજ્ઞ કથિત ધર્મ સારી રીતે પરિણત થઇ ગયો, તેથી તે હળવે હળવે નિશ્ચય શ્રાવક બની ગયો. કેટલેક સમયે પરસ્પર સ્નિગ્ધ હૃદયવાળા અને સાંસરિક ભોગ ભોગવનારા તે દંપતિને ગૃહસ્થાશ્રમ રૂપી વૃક્ષના ફલ રૂપ પુત્ર ઉત્પન્ન થયો. એક વખતે શીયાળામાં ટાઢથી પીડિત એવો મુગ્ધભટ્ટ પુત્રને કેડ ઉપર તેડી બ્રાહ્મણોથી વિંટાઇ રહેલી એક અગ્નિહોત્રની સગડીમાં તાપવા ગયો. તેને જોઇ "આ મુગ્ધભટ્ટ પોતાનો ધર્મ છોડી શ્રાવક થઇ ગયો છે" એવી ઇર્ષ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાવી મંડળમાં રહેલા બ્રાહ્મણોએ તેને કહ્યું કે. " અરે ભદ્ર, તું શ્રાવક થઇ ગયો છે. તેથી તને પાપ લાગ્યું છે. અને આ ધર્મની સગડી છે. તેથી તારે અહીં આવવું નહીં, તારાથી અમારો ધર્મ દૂષિત થાય." આવા બીજા પણ ઉપહાસ્યના વચનો બોલતા તે વિદૂષક જેવા બ્રાહ્મણોએ તેને તાપવા દીધો નહીં. આવા જૈન ધર્મના ઉપહાસ્યથી તે મુગ્ધભટ્ટને તે વખતે ઘણો ખેદ થઇ આવ્યો. તત્કાલ તેણે આવેશથી કહ્યું કે " જો જિનેશ્વરનો કહેલો ધર્મ સત્ય અને સનાતન હોય તો આ મારો બાળક આ અગ્નિમાં પડી શરીરે આબાદ રહેજો અને જો તે ધર્મ ખોટો અને આધુનિક હોયતો આ બાળક ભસ્મ થઇ જજો." આ પ્રમાણે કહી મુગ્ધભટ્ટે પોતાના બાળપુત્રને અગ્નિમાં હોમી દીધો. તે વખતે બ્રાહ્મણો હાહાકાર કરવા લાગ્યા, આ વખતે સર્વજ્ઞ મતનો ઉદ્યોત કરનારી કોઇ દેવીએ તે અગ્નિમાં પડતા બાળકને અકસ્માત્ કમળના સંપુટમાં ધરી રાખ્યો. આ દેવી કોણ હતી, તેનો વૃત્તાંત આ પ્રમાણે છે. તે પૂર્વ જન્મે ભારે કર્મીપણાને લઇને શ્રાવક ધર્મની વિરાધના કરવાથી એક સામાન્ય વ્યંતરી થઇ હતી. એક વખતે તેણીએ કેવલી ભગવાનને પુછયું કે, "મને બોધિ સમ્યકત્વ પ્રાપ્ત થશે કે નહીં ?" તેના ઉત્તરમાં કેવલી ભગવાને જણાવ્યું કે, " તને અવશ્ય સમ્યકત્વ પ્રાપ્ત થશે પરંતુ તારે સમ્યકત્વની ઉદ્ભાવનાને માટે વિશેષ પ્રયત્ન કરવો. " કેવલી ભગવાનના આ વચન ઉપરથી ત્યારથી તે દેવી અવધિ જ્ઞાનવડે નિરંતર જોયા કરતી હતી અને આવા કાર્યો કરવામાં સાવધાન રહેતી હતી. તેણીના જાણવામાં આવ્યું એટલે તેણીએ આ બ્રાહ્મણના બાલકને કમળના સંપુટમાં ધારણ કરી લીધો હતો. જ્યારે આ ચમત્કાર જોવામાં આવ્યો એટલે કેટલા એક બ્રાહ્મણો આર્હત ધર્મ ઉપર ઈર્ષ્યા રહિત થઇ ગયા હતા. મુગ્ધભટ્ટ હર્ષિત થઈ પોતાના બાલકને લઇ ઘેર આવ્યો અને તેણે તે સર્વ વૃત્તાંત પોતાની પ્રિયા સુલક્ષણાને નિવેદન કર્યો. તે સાંભળી સુલક્ષણા બોલી દેવ, તમે આ અવિચારી કામ કર્યું છે. શ્રીજિન ભગવાને તત્ત્વાર્થ ઉપર શ્રદ્ધા રાખવી તે સમ્યકત્વ એમ કહેલું છે. જેમનું એ સમ્યકત્વ શુદ્ધ હોય તેઓ પરસ્પર સાધર્મિભાવથી તે પર પક્ષપાત કરનારા થાય છે અને પછી તેઓ મૃત્યુ પામી સુલભ બોધી થાય છે. જેમનો સ્નેહ પોતાના સાધર્મિઓના કરતાં પુત્રાદિક ઉપર વિશેષ હોય છે, તેમને માટે સિદ્ધાંત નીતિ પ્રમાણે સમ્યકત્વનો સંશય અવશ્ય રહે છે. આથી કોઇ ઉપયોગવાલી શાસન દેવીએ ભવિતવ્યતાથી પોતાના સમ્યકત્વની ઉદ્ભાવના કરવા માટે આ બાળકની રક્ષા કરી છે. પરંતુ જો કદિ દેવીનું અવધાન ન હોય અને આ બાળક બળી જાત તો તેથી કાંઇ અરિહંતનો ધર્મ અસત્ય અને આધુનિક ઠરતે નહીં. જે તત્ત્વ દૃષ્ટિવાળા પુરૂષો છે, તેમના હૃદયમાં તો આર્હત્ ધર્મ સારો રીતે પેઠેલોજ છે. તેમને કાંઈ સાધર્મિકના સાંનિધ્યની જરૂર રહેતી નથી. વસ્તુતાએ તત્ત્વાર્થ ઉપર શ્રદ્ધાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એજ સમ્યકત્વ કહેવાય છે. તેથી જો હૃદયનું ચળાચળપણું હોયતો પછી શ્રદ્ધાન શી રીતે ઘટે? જેઓ ધર્મમાં નિશ્ચળ છે, તેમની આગળ તો આ બાળચેષ્ટા છે. એવી રીતે કરવાની વાત તો શી કરવી? પણ એવો વિચાર કરવો, એ પણ તેમને યુક્ત નથી." સુલક્ષણા પોતાના પતિને આ પ્રમાણે કહેતી હતી, તે દરમીયાન તેણીના સાંભળવામાં આવ્યું હતું કે, કૌશાંબી નગરીમાં શ્રી અજિત ભગવાન્ સુર-અસુરો સહિત સમોસર્યા છે, સમય જાણનારી સુલક્ષણા આ તક સાધી મુગ્ધ સ્વભાવવાળા પોતાના પતિને આર્હત ધર્મ ઉપર નિશ્ચળ કરવાને આ પ્રમાણે કહ્યું-"આર્ય પુત્ર, મારા કહેવા ઉપર જો આપને પ્રતીતિ ન આવતી હોય તો કૌશાંબી નગરીમાં જઇ સર્વજ્ઞ ભગવાન્ અજિત સ્વામીને પુછો." સુલક્ષણાના આ વચન ઉપરથી તે સમ્યકત્વની પ્રતીતિ કરવા માટે મુગ્ધ ભટ્ટ પોતાની પ્રિયા સાથે ત્યાં ગયો અને અજિત પ્રભુને સર્વજ્ઞ માની તેણે ગૂઢ પદોથી આ પ્રમાણે પુછ્યું; "સ્વામી, કેમ તે તેમજ છે કે?" પ્રભુએ કહ્યું, "હા તેમજ છે." મુગ્ધ ભટ્ટે કહ્યું, "તે કેવી રીતે?" પ્રભુ બોલ્યા, "જે તત્ત્વાર્થ ઉપર શ્રદ્ધાન તેજ સમ્યકત્વ છે." આ સાંભળી મુગ્ધભટ્ટને ખરી પ્રતીતિ થઈ ગઇ અને તેથી તે મૌન ધરીને બેશી રહ્યો. આ સમયે પરોપકારી બુદ્ધિવાળા પ્રભુના આદ્ય ગણધરે બધી પર્ષદાને પ્રતિબોધ થાય તેવા હેતુથી વંદના કરી પ્રભુને પુછ્યું, "ભગવન્, આ બ્રાહ્મણે શું પુછ્યું? અને આપે તેને શું કહ્યું? અને આ બ્રાહ્મણ કોણ છે?" ગણધરના આ પ્રશ્ન ઉપરથી સર્વજ્ઞ પ્રભુએ તેનું સર્વ વૃત્તાંત પ્રથમથી કહી સંભળાવ્યું. તે વૃત્તાંત સાંભળીને ઘણાં જીવો પ્રતિબોધ પામી ગયા અને મુગ્ધભટ્ટની સમ્યકત્વ ઉપર અત્યંત સ્થિરતા થઈ ગઇ. તે પછી તે મુગ્ધભટ્ટે વૈરાગ્યથી દીક્ષા લીધી અને છેવટે પરમાર્થ દૃષ્ટિવાલો તે મુગ્ધ ભટ્ટ અનુક્રમે કેવળ જ્ઞાનને પ્રાપ્ત થયો. સુલક્ષણા પણ પતિના વિયોગ વખતે વિમળા સાધ્વીના મુખથી ધર્મ જ્ઞાન જાણી વિષયોના સ્મરણમાં ઉન્મુખ થયેલા પોતાનાા મનને આર્હદ્ધર્મના કૃત્યોથી વશ કરી છેવટે પરમાત્માની સંપત્તિને પ્રાપ્ત થઈ હતી.

અપૂર્ણ.

# ज्ञान संवाद.

(ગતાંક પૃષ્ટ ૨૧૮ થી શરૂ.)

અવધિજ્ઞાનના આ ઉદ્ગારો સાંભળી મનઃપર્યવ જ્ઞાને પોતાના સ્વરૂપનું આ પ્રમાણે બ્યાન આપ્યું. "મિત્રો, આર્હત આગમમાં વિદ્વાનો મને **મનઃપર્યવ** એવા નામથી ઓલખે છે. કેટલાએક **મનઃપર્યાય** એવા નામથી પણ મને બોલાવે છે. **રૂજુમતિ** અને **વિપુલમતિ** એવા મારા બે પ્રકાર છે. મારાથી અઢી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વીપ સમુદ્ર અંતવર્તી સર્વ સંજ્ઞી પંચેંદ્રિયના મનોગત ભાવને જાણી શકાય છે. તે ઉપર બતાવેલા મારા બે ભેદમાં રૂજુમતિ કરતાં મારો વિપુલમતિ ભેદ નિર્મલ મનોગત ભાવને જાણી શકે છે. આ મારા બે પ્રકાર અદ્ભુત અને ઉચ્ચ ગણાય છે. આથી આર્હત વિદ્વાનો મારી ઘણી પ્રશંસા કરે છે. તે મારા ઉભય પ્રકારમાં ઋજુમતિની અપેક્ષાએ વિપુલમતિ અધિક શુદ્ધ ગણાય છે. કારણ કે, ઋજુમતિ જ્ઞાન વાળા પડી જાય છે અને વિપુલમતિ જ્ઞાનવાળા પુનઃ પડતા નથી. એટલી તેમાં વિશેષતા છે. આ મારા ઉભય ભેદથી મારો મહિમા જૈન આગમમાં પ્રશંસનીય ગણાય છે. ભદ્ર, અમારો મહિમા સાંભળી તમોને ખાત્રી થશે કે, આપણો આ મિત્ર ઉચ્ચ આસનનો પૂર્ણ અધિકારી છે.

મનઃપર્યવજ્ઞાનના આ વચનો સાંભળી અવધિજ્ઞાને આક્ષેપ કરીને જણાવ્યું, મિત્ર મનઃપર્યવ, તમારો વૃત્તાંત જાણી મારા મનમાં એવી શંકા ઉત્પન્ન થાય છે કે, મારા અને તમારી વચ્ચે વિશેષ તફાવત દેખાતો નથી. મારા અધિકારથી તમારો અધિકાર ચડીયાતો હોય એમ લાગતું નથી. ઉચ્ચ આસન મેળવવામાં પણ આપણે બંને સરખા અધિકારી છીએ. જો તમારો મારા કરતાં વિશેષ અધિકાર હોય-તો તમે મારાથી કોઇ જાતની વિશેષતા દેખાડી આપો."

અવધિ જ્ઞાનના આ વચનો સાંભળી મનઃપર્યવ જ્ઞાને શ્રુત જ્ઞાનની સામે જોયું, એટલે તે વિદ્વાન્ જ્ઞાને વિચાર કરીને આ પ્રમાણે કહ્યું, " મિત્ર અવધિ જ્ઞાન, વિશુદ્ધ ક્ષેત્ર, સ્વામી અને વિષયને લઇને તમારા બંનેમાં ભેદ પડે છે એટલે વિશુદ્ધિકૃત, ક્ષેત્રકૃત, સ્વામિકૃત તથા વિષયકૃત એવી અવધિજ્ઞાનમાં અને મનઃપર્યવજ્ઞાનમાં વિશેષતા છે. કહેવાનો આશય એવો છે કે, અધિક શુદ્ધિ દ્વારા થયેલ અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન, ક્ષેત્ર દ્વારા થયેલ અવધિ અને મનઃપર્યાય, સ્વામી અને વિષય દ્વારા થયેલ અવધિજ્ઞાન અને મનઃપર્યાય જ્ઞાનમાં સ્પષ્ટ ભેદ રહેલો છે. સારાંશકે અવધિજ્ઞાનની અપેક્ષાએ મનઃપર્યાય જ્ઞાન અધિક શુદ્ધ છે. કારણકે, અવધિજ્ઞાનવાળા જેટલા રૂપ અથવા રૂપી દ્રવ્યોને જાણે છે, તેમને મનઃપર્યાય જ્ઞાની અધિક શુદ્ધતાથી મનોગત હોવા છતાં પણ અધિકતર શુદ્ધતાથી જાણે છે. ક્ષેત્રકૃત, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનના ભેદને માટે આર્હત આગમમાં લખ્યું છે કે, અવધિજ્ઞાન તો અંગુલના અસંખ્યેય ભાગાદિ ક્ષેત્રોમાં ઉત્પન્ન થઇ સંપૂર્ણ લોક પર્યંતમાં હોઇ શકે છે અને મનઃપર્યાયજ્ઞાન મનુષ્ય ક્ષેત્રમાંજ ઉત્પન્ન થાય છે, બીજા કોઇ ક્ષેત્રમાં ઉત્પન્ન થતું નથી. આ બંનેમાં સ્વામિકૃત ભેદ એવો છે કે, અવધિજ્ઞાન તો સંયત અને અસંયત બધા જીવોને બધી ગતિમાં થાય છે, પરંતુ મનઃપર્યાયજ્ઞાન મનુષ્ય ગતિમાં થાય છે. અન્ય જીવ અથવા અસંયત મુનિને થતું નથી. આ બંનેમાં વિષયકૃત ભેદ આ પ્રમાણે છે કે, અવધિ જ્ઞાનનો વિષય રૂપી દ્રવ્યો માં અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસર્વ પર્યાયોમાં છે એટલે અવધિજ્ઞાન રૂપી દ્રવ્યોના કેટલા એક પર્યાયને જાણી શકે છે પણ તે સંપૂર્ણ દ્રવ્ય તથા સર્વ પર્યાયોને જાણી શકતું નથી. પરંતુ મનઃપર્યવ જ્ઞાનનો વિષય તો તેના અનંતમાભાગમાં પણ છે. એટલે ક્હેવાનો આશય એવો છે કે અવધિ જ્ઞાનથી જે રૂપી દ્રવ્ય જાણી શકાય છે. તે દ્રવ્યના અનંતમા સૂક્ષ્મ ભાગને પણ મનઃપર્યવ જ્ઞાન જાણી લે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, અવધિજ્ઞાન કરતાં મનઃપર્યવ જ્ઞાન વિશેષ અધિકાર ધરાવે છે અને તેથી આર્હત વિદ્વાનો તેને વિશેષ માન આપે છે."

વિદ્વાન્ શ્રુતજ્ઞાનના આ વચનો સાંભળી અવધિજ્ઞાનના મુખ ઉપર જરા ગ્લાનિ પ્રસરી ગઇ અને મનઃપર્યાયજ્ઞાનની મુખમુદ્રા ઉપર સ્મિતાંકુરો પ્રગટ થઇ આવ્યા.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન કરતાં પોતાની મહત્તા વિશેષ સાબીત થવાથી મનઃપર્યાય જ્ઞાનના હૃદયમાં ઉચ્ચ આસન ઉપર બેસવાની પૂર્ણ આશા પ્રગટ થઇ આવી. તત્કાળ તેણે ઉભા થઇ તે ઉચ્ચ આસનના સોપાન ઉપર દૃષ્ટિ કરી તેવામાં શ્રુતજ્ઞાને વિનયથી જણાવ્યું, "મિત્ર, જરા રાહ જુઓ. આ પરમ પવિત્ર શાંત મૂર્તિ કેવળજ્ઞાનનું સ્વરૂપ સાંભળ્યા શિવાય તમારાથી ઉચ્ચ આસનનો અધિકાર લેવાશે નહીં. મને લાગે છે કે, આ આપણો પવિત્ર મિત્ર હમણાંજ પોતાની મધુર વાણી પ્રગટ કરશે."

આટલું કહી શ્રુતજ્ઞાને મૌન ધારણ કર્યું અને સર્વે ત્યાં કેવળજ્ઞાનની સન્મુખ જોવા લાગ્યા. શાંત સ્વરૂપ કેવળજ્ઞાન પોતાની સુધામય દૃષ્ટિ સર્વ તરફ પ્રસારતું હતું, પણ તેના મુખમાંથી કોઇ જાતની ઇચ્છાની વાણી પ્રગટ થઇ નહીં. કારણકે, તે સમાન ભાવમાં વર્ત્તનારૂં હોવાથી તે ઉચ્ચ આસનની ઇચ્છા ધરાવતું ન હતું. તે સર્વદા નિષ્કામવૃત્તિમાં રમણ કરનારૂં હતું.

જ્યારે શાંત અને આનંદ સ્વરૂપ કેવળજ્ઞાને કાંઇપણ કહ્યું નહીં એટલે મતિ, શ્રુત અવધિ અને મનઃપર્યાય એ ચારે મિત્રો સાનંદાશ્ચર્ય થઇ આ પ્રમાણે બોલ્યા. "પ્રિય કેવળજ્ઞાન, તમારી નિષ્કામ વૃત્તિ જોઇ અમે સર્વ ખુશી થયા છીએ. તમારી ઉચ્ચ વૃત્તિને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે. આ વિશ્વ ઉપર વિતરાગ દશાનો જે અદ્ભુત અને અદ્વિતીય આનંદ ક્હેવાય છે તે તમારોજ પ્રભાવ છે. તમારા પ્રભાવથી આત્મા મોક્ષગામી થઇ અનિર્વચનીય સુખનો ભોકતા બને છે. અમો સર્વે આપ મહાત્માને વિનંતિ કરીએ છીએ કે, તમે અમારી પર અનુગ્રહ કરી આ ઉચ્ચ આસન ઉપર બેસો અને અમોને ઉંચી પ્રકારનો ઉપદેશ આપો. તમારા ઉપદેશના પ્રકાશથી અમારૂં આંતર સ્વરૂપ વિશેષ નિર્મલ બની જશે આ જગતમાં જૈનશાસનનો જય તમારાથીજ ક્હેવાય છે. ભગવાન્ તીર્થંકરો પણ તમને અનુપમ માનઆપે છે."

આ પ્રમાણે કહી તે ચારે જ્ઞાનોએ નીચેના શ્લોકથી ભગવાન્ કેવળજ્ઞાનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તુતિ કરી હતી.

क्षीण कर्म प्रकृतिने प्रचुरानंद दायिने ।
केवलज्ञानरूपाय सर्वोत्कृष्टाय ते नमः ॥१॥

જેમાં સર્વકર્મની પ્રકૃતિઓ ક્ષીણ થાય છે, જે ઘણાં આનંદને આપનારૂં છે અને જે સર્વથી ઉત્કૃષ્ટ છે, તે કેવળજ્ઞાનના સ્વરૂપને નમસ્કાર છે." ૧

આ પ્રમાણે નમસ્કાર કરી તે ચારે મિત્રોએ હસ્તનું અવલંબન આપી મહાત્મા કેવળજ્ઞાનને ઉચ્ચ આસન ઉપર બેસારી દીધું. જ્યારે કેવળજ્ઞાને તે ઉચ્ચ આસન ગ્રહણ કર્યું, એટલે સર્વત્ર જય ધ્વનિ થઈ રહ્યો અને દેવતાઓએ આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ કરી.

ક્ષણવાર પછી ચાર મિત્રોએ અંજલિ જોડી કેવળજ્ઞાનને આ પ્રમાણે જણાવ્યું "ભગવન્ કૃપા કરી આપનું શુદ્ધ સ્વરૂપ જણાવો અને તે સાથે અમારા સંબંધી કેટલોએક બોધ આપો કે જેથી અમો આપનો અત્યંત આભાર માનીશું." તે જ્ઞાનોની આ વિનંતિ ઉપરથી મંદહાસ્યના પ્રકાશથી આસપાસના પ્રદેશને પ્રકાશિત કરતાં કેવળજ્ઞાને ગંભીર અને મધુર ધ્વનિથી નીચે પ્રમાણે જણાવ્યું.

"પ્રિય મિત્રો, તમોએ પ્રેમ પૂર્વક મને મોટું માન આપ્યું, તે તમારા વિવેકને પૂરો ધન્યવાદ ઘટે છે. મારૂં પોતાનું સ્વરૂપ મારે મુખે કહેવું, એ મને પસંદ નથી છતાં તેમાં કેટલાએક લાભનો વિચાર કરી હું તમારી સમક્ષ સંક્ષેપમાં મારા સ્વરૂપનો ચીતાર આપું છું. મિત્રો, આઠ કર્મોની અંદર મોહનીય કર્મ બળવાન્ ગણાય છે. તે મોહનીય કર્મ ક્ષીણ થવાથી તે સાથે જ્ઞાનાવરણી, દર્શનાવરણી અને અંતરાય કર્મ ક્ષીણ થતાં મારી ઉત્પત્તિ થાય છે. તે મારી ઉત્પત્તિમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન એ મારા ઉભય સ્વરૂપ પ્રગટે છે એ ચારે પ્રકૃતિઓનો ક્ષય એ મારો (કેવળજ્ઞાનનો) હેતુ છે. આ પ્રમાણે સંક્ષેપમાં મારૂં સ્વરૂપ છે. જે સ્વરૂપને ધારણ કરનારા કેવળી ભગવંત આ વિશ્વમાં પરમપૂજ્ય થઇ મોક્ષ દશાના સંપૂર્ણ અધિકારી બને છે."

કેવળજ્ઞાનની આ વાણી સાંભળી સર્વ જ્ઞાનોએ આનંદ ધારણ કરી તેને વંદના કરી, તે સમયે તેમણે પુનઃ નીચેના પદ્યનો ઉચ્ચાર કર્યો.

अमंदानंदसंदोह दायकं ज्ञाननायकम् ।
जयतात्केवलज्ञानं केवलानंद रूपकम् ॥१॥

"ઘણાં આનંદના સમૂહને આપનાર, સર્વ જ્ઞાનોના નાયક રૂપ અને કેવળ આનંદ રૂપ એવું કેવળજ્ઞાન જય પામો." ૧

તે પછી સર્વ જ્ઞાનોએ નમ્રતાથી જણાવ્યું કે, ભગવન્, આપણ બધા મિત્રોના યોગથી આત્મા કેવી કેવી શક્તિ ધરાવે છે? તે વિષે કૃપા કરી સમજાવો. જે ઉપરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણુ સર્વની ન્યૂનાધિકતા જાણવામાં આવે."

કેવળજ્ઞાને આનંદ દર્શાવતા કહ્યું, "મિત્રો, આપણાં આ મિત્ર મતિ અને શ્રુત લગભગ સરખા છે, તે બંને જ્ઞાનોથી જીવ સર્વ દ્રવ્યોને જાણે છે; પરંતુ સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને જાણતો નથી, પોતાને યોગ્ય એવા પર્યાયોનેજ જાણે છે, આ મિત્ર અવધિજ્ઞાનનો વિષય કાળો, પીળો ઇત્યાદિ રૂપી દ્રવ્ય ઉપર રહેલો છે. પરંતુ તે રૂપી દ્રવ્યના સર્વ સંપૂર્ણ પર્યાયો તેના વિષય થઇ શક્તા નથી, કિંતુ કેટલાક પર્યાય અત્યંત શુદ્ધ અવધિજ્ઞાન દ્વારા પણ રૂપવાન્જ જાણુવામાં આવેછે, આ મિત્ર મનઃપર્યાય જ્ઞાનનો વિષય રૂપી દ્રવ્યોના અનંત ભાગમાં છે, એટલે જે પદાર્થ અવધિજ્ઞાનના વિષય છે તેના અનંત ભાગ–અતિ સૂક્ષ્મ ભાગ તે મનઃપર્યાયનો વિષય છે, તેથી મનઃ પર્યાય જ્ઞાનવાળો આત્મા અવધિજ્ઞાનના વિષયના અનંત ભાગને જાણે છે અને જે મનમાં ગુપ્ત ભાવને પ્રાપ્ત એવા મનુષ્ય ક્ષેત્રમાં વ્યવસ્થિત થયેલા રૂપી દ્રવ્યોને જાણેછે, અને હું પોતે કેવળજ્ઞાન જીવાદિ સંપૂર્ણ દ્રવ્યને અને તેના યાવત્ પર્યાયને જાણું છું. લોક તથા અલોક સર્વ મારો વિષય છે, હું સર્વ ભાવોનું ગ્રાહક છું, એવો કોઇ પદાર્થ નથી કે જે મારો (કેવળજ્ઞાનનો) વિષય ન થઇ શકે, તાત્પર્ય કે, સંપૂર્ણ વિષય તથા સંપૂર્ણ વિષયોના સંપૂર્ણ સ્થૂળ તથા સૂક્ષ્મ સર્વ પર્યાયને હું પોતે પ્રકાશિત કરૂં છું, તેથી ભગવાન્ તીર્થંકરો અને સિદ્ધ દશામાં આવનારા આત્માઓ મારો આશ્રય કરવા ઈચ્છા રાખે છે."

ભગવાન્ કેવળજ્ઞાનની આ વાણી સાંભળી સર્વ જ્ઞાનોને અતિ આનંદ ઉત્પન્ન થઇ આવ્યો, પછી તેમણે નીચેના પદ્યથી તેની સ્તુતિ કરી.

केवलं केवलानंद कारकं ह्युपकारकम् ।
कर्मघ्नं केवलज्ञानं विश्वे जयतु सर्वदम् ॥१॥

"કેવળ માત્ર આનંદને આપનારૂં, ઉપકાર કરનારૂં, કર્મોને હણનારૂં કેવળજ્ઞાન આ વિશ્વમાં જય પામો." ૧

આ પદ્ય બોલતા બોલતાં સર્વ જ્ઞાનોએ કેવળજ્ઞાનની પૂજા કરી અને તે પછી તેઓ સર્વ પોતપોતાની ભૂમિકામાં ચાલ્યા ગયા હતા.

समाप्त.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી મહાવીર જયંતી.

# વીરભક્તો શાશન દીપાવો!

## આત્માનંદ મેળવો.

!ચૈત્ર શુદ ૧૩!

## તેરમું ગુણસ્થાન પ્રાપ્ત કરવા યોગ્ય છે!

**વહાલા બંધુઓ અને ભગિનીઓ!**

તમે મનુષ્ય જન્મ મેળવીને શું સાર્થક કીધું? શું પરમાર્થ કીધો? શું લાભ લીધો? શું ચિંતવન કર્યું? દેખો અંજલિના પાણીમાંથી બિંદુ બિંદુ નીચે પડી ઓછું થાય છે તેમ એક એક ક્ષણ ઓછી થઇ તમારા આયુરૂપી પાણીનો અંત આવવાની તૈયારી છે, કાળ પડછાયાના બાને તમારી સાથે સદા ફરતો રહેલો છે તમે રાજાને કિંવા માબાપને કિંવા લોકોને ઠગવા શક્તિવાન છો પણ યાદ રાખો કે કાળની સાથે તમારી ઠગાઇ ચાલવાની નથી. તમે તમારી હોંશીયારી નિપુણતા કુતર્ક ત્યાં ચલાવી શકવાના નથી, તેની દૂતી જરા તમારા સન્મુખ આવે છે ત્યારે શ્રીમંતો પૈસાની પ્રબળતાથી લોકોને પોતાનો બુઢાપો છુપાવવા, જુવાન ઓરતને સંતોષ પમાડવા કાળા કલંકરૂપ ગળીના રંગનો ઉપયોગ કરી, ધર્મને પણ વિસારી ગાડી ઘોડામાં મોઝ ઉડાવે છે; પડિક્કમણાને દેવપૂજનને સદગુરૂના સદ્બોધને વિસારી અધમ દુરાચારી વેશ્યા કુલટાઓને ન્યાલ કરી તન, ધન, બુદ્ધિ, આબરૂને ગુમાવે છે.

હે બંધો! તેવા અનેક કુમાર્ગે ચડેલા પ્રામર પ્રાણીઓને સત્ય માર્ગ બતાવવા વીર પ્રભુનો જન્મ ક્ષત્રિકુંડનગરમાં સિદ્ધારથ રાજાને ત્યાં ત્રિશલા દેવીની કુખમાં થયો છે. તેના ચરિત્રને શ્રવણ કરી તેમના ગુણ ગ્રામ કરીતમારા બુદ્ધિ બળને સન્માર્ગે વાપરી, તમારા ધનથી દેશનું દારિદ્ર દૂર કરી, મનની મલિનતાને દૂર કરી, ધર્મ તત્વને જાણી કાંઇક એવું કાર્ય કરજો કે ફરી તમોને માતાના ગર્ભમાં નવ માસ સુધી વારંવાર લટકવું ન પડે.

ગુરૂનો સદબોધ સૂર્ય ચંદ્ર મેઘ કરતાં પણ અધિક છે કે તે ત્રણે ગુણોને સાથે પૂરા પાડે છે. અને ભવ્યાત્માઓના કલેશને હણી શિવમાર્ગ દેખાડે છે.

**રાગ—બનઝારા.**

બહુ પુણ્યનો રાશિ મિલાવી, જનની કુક્ષિને ભુવિ દીપાવી,
સુદી ત્રયોદશી તિથિ ભાવીરે, પ્રભુ જન્મ્યા જગ હિતકારી;
કરો શિવ જવાની તૈયારી; પ્રભુ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષત્રિકુંડમાં સૂર્યથી ભારે, થયો ઉદ્યોત જગ ઉદ્ધારે,
ચૈત્ર માસે તરો નરનારી; કરો શિવ. ૨
માત તાતને હર્ષ ન માયે, દુઃખ દારિદ્ર દૂર થાયે,
દાન દેતાં મળી ઠઠ ભારીરે; કરો શિવ. ૩
વૃદ્ધિ દેખી વર્દ્ધમાનને નામે, માત પિતા થાયે ગુણ ધામે,
દેવે વીર ગુણે વીર ધારીરે; કરો શિવ. ૪
બંધો ! આળસ શીઘ્રને છોડો, તમે ચિત્ત વીરતામાં જોડો,
ઉત્સાહ મંત્ર ધૈર્ય લો ધારી; કરો શિવ. ૫
તમે વીરના છો અનુયાયી, કરો જયંતી જન સુખદાયી,
સદ્બોધે કુબુદ્ધિ વિસારી; કરો શિવ. ૬
હિંમત ધરતાં કીંમત થાશે, જગમાં કીર્ત્તિ તમારી ગવાશે,
વીર વીર વીર ઉચ્ચારી; કરો શિવ. ૭
જો પરમાર્થ કંઇ નવ કીધો, તેણે જનની ભારજ દીધો,
અંતે થાશે પસ્તાવો ભારીરે; કરો શિવ. ૮
દેજો બાળને વિદ્યાદાન, લેજો ગુરૂ નમી તત્વજ્ઞાન,
પૂજા ઉત્સવે મંદિર શણગારીરે; કરો શિવ. ૯
તમે જૈન થઇ જાઓ એક, રાખો મળી સૌ ધર્મ ટેક,
માયા છોડો અંતે એ ખારીરે; કરો શિવ. ૧૦
દેજો ભાષણમાં વીરબોધ, કરી વીરના ગુણની શોધ,
જેથી થાય સમાજ હીતકારી; કરો શિવ. ૧૧
વીર નિર્વાણ બોતેર વરસે, પાવાપુરી ભાવે જન તરશે,
ચોવીસ ચાળીસ લો ધારી; કરો શિવ. ૧૨
હીરવિજયે બોધને દીધો, માર્ગ શાહને બતાવ્યો સીધો,
આગ્રે અર્જ માણેકે ઉચારી; કરો શિવ. ૧૧

લી૦
**મુનિ માણેક–આગ્રા.**

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી અપાએલ સ્કોલરશીપો

મહુંમ શેઠ ફકીરચંદ પ્રેમચંદ તરફથી સને ૧૯૧૭ ની સાલમાં મેટ્રીકમાં પસાર થએલા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓ પૈકી એક અમદાવાદના રહીશ મી. ચંદુલાલ ગીરધરલાલને સંસ્કૃત વિષયમાં સૌથી વધારે માર્ક મેળવ્યા હોવાથી રૂ. ૪૦ ) ની સ્કોલરશીપ આપવામાં આવેલ છે, અને બીજી સ્કોલરશીપ રૂ ૪૦) ની સુરતના વતની માટેની હોવાથી મી. મણીલાલ રસીકદાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાપડીઆને ઉંચા નંબરે પાસ થવાથી આપવામાં આવેલ છે. તે સર્વ જૈન બંધુઓને જાહેર કરવામાં આવે છે.

(જૈન કોનફરન્સ ઓફીસ-મુંબઇ.)

---

**શ્રી આત્માનંદ પ્રકાશના મેનેજર સાહેબ!**

**વિનય પૂર્વક જણાવવાનું કે આ સાથે, સંસ્થાની યોજના તથા તેમાં ઉત્તેજન આપનાર અત્યાર સુધીના ગૃહસ્થોના નામ મોકલાવ્યાછે જે કૃપા કરી પબ્લીકની જાણમાટે આપના પ્રસિદ્ધ પત્રમાં પ્રગટ કરશોજી.**

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય** લી. સેવક.

લાલબાગ પાંજરાપોળ-મુંબઇ. **મૂલચંદ હીરજી.**

ૐ

# શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના.

શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ, અને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ કરવા ઉપર જીવ (આત્મા)ના કલ્યાણનો આધાર છે એમ આપને વિદિત છે. અનાદિ કાળથી જીવ કર્મની સાથે પ્રવાહથી અનાદિ સંબંધ રાખતો આ સંસારમાં ચોરાશીલાખ જીવાયોનીમાં ભમી રહ્યો છે. અને પોતાના કર્માનુસાર સુખ દુઃખ સહન કરી રહ્યા છે. આ નાટકશાલારૂપ સંસારમાં શુદ્ધ ધર્મની પ્રાપ્તિના અભાવે જુદા જુદા રૂપ ધારણ કરી નવા નવા શરિર બદલી આ જીવ નાટક કરી રહ્યો છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને અનુસારે વ્યાવહારિક કેળવણી મેળવવાથી સંસારમાં ઇજ્જત, આબરૂ, માન વિગેરે મળે છે પરંતુ ધર્મથી વિમૂખ રહેવાથી સંસારનું સુખ રાત્રીની ઓશની માફક છે. ધર્મ ઉપદેશકોએ કથન કર્યું છે કે આર્ય દેશ ઉંચ્ચ કુળ, પૂર્ણ આયુષ્ય, અને શુદ્ધધર્મની પ્રાપ્તિ બહુ શુભ કર્મના ઉદયથી થાય છે આપણને દયામય ધર્મ મલ્યા છતાં આપણા યુવાનો સંસારિક કેળવણી લેવા છતાં દેવ ગુરૂ અને ધર્મનું સાચું સ્વરૂપ ન જાણે તેમજ શુદ્ધ માર્ગમાં ન ચાલે તો તેની જોખમદારી સમાજ ઉપર છે. જ્યાં સુધી આપણા યુવક વર્ગને સમયપર શુદ્ધ ધર્મનું શીક્ષણ આપવામાં ન આવે ત્યાં સુધી આપણો તે વર્ગ ધર્મના કાયદાઓને શી રીતે પાલી શકે ? ૧૩-૧૪ વર્ષની ઉમર સુધી બાળકમાં ગ્રહણ શકિત સારી હોય છે અને તે ઉમર પછી તે બાળકમાં વિચાર શકિત તેજ થતી જાય છે. એ વિચાર શકિત પ્રગટ થયા પછી એ બાળક ઉપર ધર્મ સંબંધી સંસ્કાર પાડવામાં આવે અને દેવ ગુરૂ ધર્મનું સાચું સ્વરૂપ સમજાવવામાં આવે તો અણાચારો પોતાની મેળે ત્યાગ કરે, એવા આશયથી તેમજ આજકાલ જૈન સમાજની સ્થિતિ સાધારણ થતી જાય છે અને અંગ્રેજી શિક્ષણમાં પૈસાનો ઘણો ખરચ થાય છે એમ વિચારી **પરમ ઉપકારી મુનિ મહારાજ શ્રી વલ્લભવિજયજીના** સદ્‌ઉપદેશથી **શ્રી મુંબઇ નગરીના** શ્રાવક સમુદાયને માલમ પડે છે કે જ્યારે વિદ્યાર્થી ૧૬) વર્ષની ઉમરે કે ત્યાર પછી મેટ્રીક અથવા એન્ટરન્ટ પરિક્ષા પસાર કરી પૈ.ગ્ય સાધનોના અભાવથી આગળ અભ્યાસ કરતા અટકી પડે છે અને ધર્મનું શિક્ષણ ન મલવાથી સાચા રસ્તાને છોડી દઇ આડો અવળો માર્ગ પકડે છે જેને લઇને પોતાના આત્માનું કલ્યાણ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતો નથી પરંતુ હાંસીપાત્ર થાય છે. આવા વિદ્યાર્થીઓને મદદ કરવા જુદા જુદા સ્થળોમાં જુદી જુદી સંસ્થાઓ સ્થાપવાનું હાલ તરત મુસ્કેલ છે તેથી એવો વિચાર ચાલતો હતો કે કોઇ સારા સ્થલમાં કે જે મુંબઇથી બહુ દૂર ન હોય ત્યાં એક એવી સંસ્થા કાયમ કરવામાં આવે કે જ્યાં હીંદુસ્થાનના કોઇપણ ભાગમાંથી મેટ્રીક અથવા તેની બરાબરના એન્ટ્રન્ટ કે બીજી પરિક્ષા પસાર કરી જે વિદ્યાર્થી ત્યાર પછીનો અભ્યાસ પોતાના ખર્ચે ન કરી શકતા હોય તથા જે વિદ્યાર્થીઓ ખરચ આપી આ સંસ્થાનો લાભ લેવા ઇચ્છા રાખતા હોય તેવા વિદ્યાર્થીઓને આ સંસ્થામાં રાખી તેની ચાલ ચલગત, ખાવું, પીવું, વ્યાવહારિક, ધાર્મિક તથા શારીરિક શિક્ષણ ઉપર પૂરેપૂરું ધ્યાન આપી તેને વ્યવહારિક તથા ધાર્મિક બાબતમાં હુશીયાર કરી સંપૂર્ણ શ્રધાળુ અને લાયક બનાવવા. આ વિચાર ચાલતો હતો તે દરમ્યાન પુનાનિવાસી **શેઠ ગગલભાઇ હાથીભાઇએ** મહારાજ સાહેબ પાસે એવી ઇચ્છા દર્શાવી કે પુનાની ફરગ્યુશન કોલેજની નજીક પોલીસ લાઇન્સની પાસે જે ખુલ્લા મેદાન ઉપર તેમની જમીન તથા બંગલો છે અને જ્યાંના હવા પાણી સારા છે, તે જમીનમાંથી કેટલોક ભાગ વિદ્યાર્થીઓના રહેવાના મકાન માટે આપવા તથા મકાન બનાવવા માટે રૂ. ૫૦૦૦) અથવા તેથી વધુ રકમ આપવા જણાવ્યું. આ વાત ફાગણ સુદિ ૫ ને સોમવારે પેહલવેલી મુનિ મહારાજશ્રીએ વ્યાખ્યાનમાં જણાવી કેટલુંક યોગ્ય વિવેચન કર્યું; જેથી આ શુભ ખાતામાં કેટલાક મહાશયોએ યોગ્ય મદદ આપવા પોતાની ઇચ્છા જણાવી અને દર વર્ષ સુધી ખરચ માટે પ્રતિ વર્ષ અમુક રકમ આપવી કબુલ કરી ભરી દીધી. ત્યારપછી ફાગણ સુદિ ૧૪ ને બુધવારના દિવસે વ્યાખ્યાન વખતે આ બાબત ઉપર ફરીથી ચર્ચા કરી એક એક કામચલાઉ કાર્યકારીણી સભા ચુંટવામાં આવી, જેના તરફથી નીચલી યોજના તૈયાર કરવામાં આવી છે તે અનુસાર આ અતિ અગત્યની યોજનાપર ખાસ ધ્યાન આપવા વિજ્ઞપ્તિ છે અને તેમાં યોગ્ય મદદ આપવા વિજ્ઞપ્તિ છે.

સદરહુ યોજના નીચે પ્રમાણે પસાર થયેલી છે અને રૂપીઆની જોગવાઇ થતાં કમીટિ વિગેરેની વ્યવસ્થા કરી કામ શરૂ કરવામાં આવશે.

## ૧ નામ.

આ સંસ્થાનું નામ. " શ્રી મહાવીર જૈન વિદ્યાલય " રાખવામાં આવે છે.

## ૨ સ્થળ.

આ સંસ્થા પૂના શહેર નિવાસી શેઠ ગગલભાઈ હાથીભાઇના બંગલાની જમીનમાંથી જેટલી જોઇએ તેટલી જમીન તેઓ સાહેબ પાસેથી લઇ એ જમીનમાં યોગ્ય રીતે કાયમ કરવી.

## ૩ મકાનની સંખ્યા.

(ક) હમણાની અને ભવિષ્યમાં વૃદ્ધિના ખ્યાલ કરી ૫૦) વિદ્યાર્થીઓને રહેવાને લાયક મકાનની ગોઠવણ કરવી.

જોટાના ૧૩ ઓરડાઓ બાંધવા તેની પાછળ મકાનમાં રૂ. ૧૩૦૦૦) નો ખરચ થવા સંભવ છે. એ શીવાય એક મકાન સુપ્રિન્ટેન્ડંટ વાસ્તે, એક મકાન ધાર્મિક શિક્ષક વાસ્તે, એક મકાન શ્રી જીનમંદિર માટે, એક મકાન લાયબ્રેરી તથા લેકચર હોલ માટે, તથા એક મકાન રસોડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા સ્ટોર રૂમ માટે બનાવવા, એ સર્વ મકાન બાંધવા પાછળ કુલે રૂ. ૨૦૦૦૦) ના ખરચ થવા સંભવ છે, પ્લાન તથા એસ્ટીમેટ પહેલાથી તૈયાર કરાવી મંજુરી લઇ બનાવવામાં આવશે.

(ખ) જે જે ગૃહસ્થ એક ઓરડાના રૂ. ૫૦૦) અથવા જોટાના ઓરડાના રૂ. ૧૦૦૦) આપે તેવા ગૃહસ્થોના નામનો એક લેખ તે ઓરડાપર લગાડવો.

## ૪ વિદ્યાર્થીઓની યોગ્યતા વિગેરે.

(ક) હિંદુસ્તાનના કોઇપણ પ્રાંતમાંથી વિદ્યાર્થી તેમાં દાખલ થઇ શકશે.

(ખ) વિદ્યાર્થી **જૈન** શ્વેતાંબર મૂર્તિપૂજક હોવો જોઇએ.

(ગ) મેટ્રીક અથવા તેની બરાબરની પરિક્ષા પાસ કરનાર વિદ્યાર્થીને લેવામાં આવશે.

(ઘ) વિદ્યાર્થી સારી ચાલ ચલણવાળો, શીખવામાં હુશીયાર અને ચાલાક સમજદાર હશે તેને દાખલ કરવામાં આવશે.

(ચ) મકાનની સગવડતા મુજબ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવશે.

(છ) સંસ્થાના કાયદા કાનુનોને અનુસરી ચાલવાને બંધાય તેવા વિદ્યાર્થીને દાખલ કરવા.

(જ) બીમાર અથવા આ સંસ્થામાં રહી ગુજરાન ચલાવવાની ઇચ્છા રાખનાર વિદ્યાર્થીને આ સંસ્થામાં લેવામાં આવશે નહી.

## ૫ પ્રબન્ધ.

(ક) વિદ્યાર્થીઓની દેખરેખ તથા તેની સંભાલ વાસ્તે એક સુશિક્ષિત અનુભવી ધર્મચુસ્ત સુપ્રિન્ટેન્ડંટ રાખવામાં આવશે.

(ખ) ધર્મ શિક્ષણ આપવા માટે એક તત્ત્વવેત્તા, જૈન ધર્મના ગુઢ આશયોને જાણનાર એવો શિક્ષક રાખવામાં આવશે, જે દરરોજ ઓછામાં ઓછો એક કલાક ધર્મ શિક્ષણ આપશે.

(ગ) કમીટી ધર્મ શિક્ષાનો જે અભ્યાસ ક્રમ નકી કરશે તે પ્રમાણે ધર્મ શિક્ષા આપવામાં આવશે, ક્રિયા પોતાની પરંપરા મુજબ વિદ્યાર્થી કરે તેમાં આ સંસ્થાને હરકત નથી.

(ઘ) વિદ્યાર્થીએ દેવ પૂજા [કારણ સિવાય] દરરોજ કરવી જોઇશે.

(ચ) રવિવાર તથા છુટીના દિવસે ઓછામાં ઓછું એક સામાયિક વિદ્યાર્થીએ કરવું જોઇશે.

(છ) પર્યુષણ પર્વમાં તથા અન્ય પર્વમાં કમીટીના નિયમ મુજબ દેવ દર્શન (ચૈત્ય પરવાડી) કથા શ્રવણ, પ્રતિક્રમણ વિગેરે કરવા જોઇશે.

(જ) આ સંસ્થામાં જૈન ધર્મ અનુસાર ખાન પાનની ગોઠવણ રાખવામાં આવશે.

## ૬ ખર્ચ.

ખર્ચ નીચે મુજબ અનુમાન કરવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૨૫ વિદ્યાર્થીમાટે.

સુપ્રિન્ટેન્ડંટ રૂ. ૧૦૦] ધર્મ શિક્ષક રૂ. ૪૦] રસોયા ૨ રૂ. ૨૦] ઘાટી ૩ રૂ. ૨૧] ચોકી· દાર ૧ રૂ. ૧૦ ખોરાકી વિદ્યાર્થી ૧] રૂ. ૧૦] રૂ. ૨૫૦] સ્ટાફની રૂ. ૮૦] ફી વિદ્યાર્થી ૧] રૂ. ૬] ૧૫૦] પુસ્તક રૂ. ૪] ૧૦૦] કપડા રૂ. ૨] રૂ. ૫૦ પચુરણ ધોબી હજામત સ્ટેશનરી રૂ. ૧૭૯] કુલ રૂ. ૧૦૦૦) માસિક તેમજ ૫૦] વિદ્યાર્થીમાટે તેનાથી ડબલ કરતાં ઓછો એટલે રૂ.૧૭૦૦] થાય.

એ હિસાબ મુજબ ૨૫ વિદ્યાર્થી માટે દર વર્ષે ખરચ રૂ ૧૨૦૦૦) ૫૦) વિદ્યાર્થી માટે વ-ર્ષના ખર્ચ રૂ. ૨૦૪૦૦) થાશે. મકાન વિગેરેનો એક વખત ખર્ચ રૂ. ૨૦૦૦૦) ગોદડા, વાસણ ફરનીચર વિગેરે એક વખત ખરચ રૂ. ૩૦૦૦) પુસ્તક લાઈબ્રેરી માટે એક વખત ખરચ રૂ. ૨૦૦૦)

એ મુજબ મકાન, ફરનીચર વિગેરે ખરચ માટે રૂ. ૨૫૦૦૦) અને ૨૫) વિદ્યાર્થીનો વર્ષનો ખરચ રૂ. ૧૨૦૦૦) તથા ૫૦) નો વર્ષનો ખરચ રૂ. ૨૦૦૦૦) નો થવા અનુમાન થાય છે.

## ૭. ફી આપી દાખલ થનાર વિદ્યાર્થી.

જો કોઇ વિદ્યાર્થી પોતાના ખરચે આ સંસ્થાનમાં અભ્યાસ કરવામાં ઇચ્છતો હશે તો તેની પાસેથી દર માસે રૂ. ૩૦) લેવામાં આવશે વધારે આપે તેની ખુશીની વાત છે. એ રૂ. ૩૦) માં કુલ ખરચ ખાવા પીવા, પુસ્તક ફી, કપડા વગેરેનો શમાવેશ થઇ જશે.

## ૮. કાર્ય ક્યારે શરૂ કરવામાં આવશે.

જ્યારે રૂ. ૧૨૦૦૦) દર વર્ષની આવક મુજબ દશ વર્ષ વાસ્તે આપવાની સરતે કબુલાતો આવી જશે કે આ કામની શરૂઆત કરવામાં આવશે, અને શરૂઆતમાં વર્ષ ૧) ના રૂપીઆ અ-ગાઉથી લેવામાં આવશે.

જ્યાં સુધી મકાનની સગવડ થાય નહી ત્યાં સુધી ભાડાના મકાનથી કામ ચલાવવામાં આવશે.

## ૯. વિદ્યાર્થી માટે પ્રતિજ્ઞા.

આ સંસ્થાનો ફ્રી લાભ લેનાર વિદ્યાર્થીએ જેટલા વર્ષ સુધી આ સંસ્થાનો લાભ લીધો હોય તેટલા દર વર્ષના રૂ. ૪૦૦) લેખે પોતાની ભવિષ્યની કમાણીમાંથી દર સેંકડે ચાર ટકા લેખે દેવું વસુલ આપવા આ સંસ્થામાં વિદ્યાર્થી તરીકે દાખલ થતી વખત કબુલાત આપવી.

પરંતુ કમાણી કરવાની શરૂઆતના બે વર્ષ આ રકમ ભરવામાંથી વિદ્યાર્થી મુક્ત રહી શકશે.

## ૧૦ સભાસદ બાબત.

| | |
|---|---|
| પેટ્રન | રૂ. ૫૦૦૦) |
| પ્રથમ વર્ગ | રૂ. ૨૫૦૦) |
| બીજો વર્ગ | રૂ. ૧૫૦૦) |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજો વર્ગ રૂ. ૧૦૦૦)

જેમણે દરવર્ષે રૂ. ૫૧) લેખે દશ વર્ષ સુધી આપવા કબુલ કર્યા છે તેઓ ઓરડીનરી સભાસદ ગણાશે.

| | | | |
|---|---|---|---|
| ફાગણ સુદ ૫ શને | ૧૦૦૧) | શેઠ હેમચંદ અમરચંદ | ૧૦૦૧૦ |
| ” | ૧૦૦૧) | ” દેવકરણ મુલજી | ૧૦૦૧૦ |
| ” | ૧૦૧) | ” લલ્લુભાઈ ગુલાબચંદ ઝવેરી | ૧૦૧૦ |
| ” | ૧૦૧) | ” ડાયાભાઈ શોભાગચંદ કોઠારી | ૧૦૧૦ |
| ” | ૫૧) | ” ભાઈચંદ અમુલખ | ૫૧૦ |
| ” | ૫૧) | ” જમનાદાસ મોરારજી | ૫૧૦ |
| ” | ૫૧) | ” દેવકરણ પ્રેમજી | ૫૧૦ |
| ” | ૫૧) | ” ચુનીલાલ વીરચંદ | ૫૧૦ |
| ” | ૫૧) | ” વાડીલાલ શાંકળચંદ | ૫૧૦ |
| ” | ૫૧) | ” મુલચંદ ઇચ્છાચંદ | ૫૧૦ |
| ” | ૫૧) | ” ફુલચંદ તીકમજી | ૫૧૦ |
| ” | ૫૧) | ” બાપુલાલ ન્યાલચંદ | ૫૧૦ |
| ” | ૫૧) | ” મોહનલાલ ચુનીલાલ બલાખી | ૫૧૦ |
| ” | ૫૧) | ” છોટાલાલ લહેરચંદ | ૫૧૦ |
| ” | ૫૧) | ” પ્રેમચંદ કેશરીચંદ | ૫૧૦ |
| ” | ૫૧) | ” ચતરભજ વીરચંદ | ૫૧૦ |
| ” | ૫૧) | ” વલભજી વીરજી | ૫૧૦ |
| ” | ૫૧) | ” મુલજી ધનજી | ૫૧૦ |
| ” | ૫૧) | ” કલાણજી વીરજી | ૫૧૦ |
| ” | ૫૧) | ” ગીરવર વીરજી | ૫૧૦ |
| ” | ૫૧) | ” ઉતમચંદ માનચંદ | ૫૧૦ |
| ફાગણ સુદ ૬ ભોમે | ૫૧) | ” મલુકચંદ રૂપચંદ | ૫૧૦ |
| ” | ૫૧) | ” ઠાકોરદાસ મંગલજી | ૫૧૦ |
| ” | ૫૧) | ” મદનજી કચરા પારેખ | ૫૧૦ |
| ફાગણ સુદ ૧૨ સોમ | ૧૦૧) | ” મોતીલાલ મુલજી | ૧૦૧૦ |
| ફાગણ સુ. ૧૪ બુધ | ૧૨૫) | ” કલ્યાણચંદ શોભાગચંદ ઝવેરી | ૧૨૫૦ |
| ” | ૨૫૧) | ” નગીનદાસ કપુરચંદ ઝવેરી | ૨૫૧૦ |
| ” | ૫૧) | ” રામચંદ જેઠા દેશાઈ | ૫૧૦ |
| ” | ૫૧) | ” ગુલાબચંદજી ઢઢા | ૫૧૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ,, | ૫૧) શેઠ મકનજી જુઠાભાઇ બારીસ્ટર | ૫૧૦ |
| ,, | ૧૦૧) શેઠ નેમચંદ ભીમજી | ૧૦૧૦ |
| ,, | ૫૧) શેઠ કાલીદાસ અમરશી | ૫૧૦ |
| ,, | ૫૧) મી. મુલચંદ હીરજી | ૫૧૦ |
| ,, | ૫૦૦) શેઠ ચુનીલાલ નારણદાસ કાનુની મારફત | ૫૦૦૦ |
| ફાગણ વદ ૪ રવી | ૫૧) શેઠ માણેકલાલ નાનજી હસ્તક | ૫૧૦ |
| ,, | ૫૧) શેઠ લહેરૂભાઇ ન્યાલચંદ | ૫૧૦ |
| ,, | ૧૫૦) શેઠ મોતીચંદ ગીરધર કાપડીયા | ૧૫૦૦ |
| ફાગણ વદ ૮ ગુરૂ | ૫૧) શેઠ પાનાચંદ પ્રેમચંદ | ૫૧૦ |
| ,, | ૫૧) શેઠ પ્રેમચંદ પુંજા | ૫૧૦ |
| ફાગણ વદ ૧૦ શની | ૫૧) શેઠ બાપુભાઇ લલ્લુભાઇ | ૫૧૦ |
| ફાગણ વદ ૧૧ રવી | ૫૧) બાઇ રૂક્ષ્મણી તે શેઠ નગીનચંદ કપુરચંદની વિધવા | ૫૧૦ |
| | રૂ. ૫૦૧૩ | રૂ. ૫૦૧૩૦ |

# વર્તમાન સમાચાર.

શ્રી કેશરીયાજી મહારાજની યાત્રા કરીને મુનિરાજ **શ્રી લલિતવિજયજી** તથા મુનિરાજ **શ્રી ઉત્તમવિજયજી** તથા મુનિરાજ **શ્રી જીનવિજયજી** વગેરે ઠાણા ત્રણ રૂપાલ સંઘના આગ્રહથી ત્યાં પધાર્યાં હતા, જ્યાં પાઠશાળાની પરિક્ષા લીધી અને તે પાઠશાળા કાયમ રાખવા માટે ઉપદેશ દેતાં રૂા. ૩૦૦૦) તેના નિભાવ માટે થયા. ત્યાંથી વિહાર કરી લાડોલ ગામે પધાર્યા ત્યાં ઇતર દર્શનીયોના અતી આગ્રહથી વીશ દિવસ રહ્યા જ્યાં અઠ્ઠાઇ મહોત્સવ થતાં મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત પૂજા ભણાવવામાં આવી હતી. વ્યાખ્યાનનો લાભ અનેક માણસો લેતા હતા. ત્યાંથી વિહાર કરી વિજાપુર પધાર્યાં હતા. ત્યાં થોડા દિવસ રહી તારંગાજી પધાર્યાં હતા. (મળેલું)

**વિલાયત ગમન**—અત્રેના જાણીતા જૈન સંઘના અગ્રેસર અને મુંબઇના કાપડના મોટા વેપારી **શેઠ નરોતમદાસ ભાણજી** તા. ૧૮ મી એપ્રીલના રોજ વિલાયત જવાને ઉપડી જશે. અગર જો કે તેઓ પારીસ, લંડન, જર્મની વીગેરે સ્થળે મુસાફરી કરવા ધારે છે પરંતુ પ્રસંગોપાત પોતાના વ્યાપારના ઉપયોગી સ્થળોની મુલાકાત લઇ વેપારને ઘટતો અભ્યાસ કરનાર છે. આશા છે કે આ પ્રસંગે તેઓ પોતાની કોમના અને ધર્મના હિત માટે યોગ્ય શુભ કાર્યોને પણ સારૂં ઉત્તેજન આપશે. અમો તેમને મુબારકબાદી આપીએ છીએ. અમો તેમની સફર સફળ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથ સ્વિકાર.

## ખોરાક અને તંદુરસ્તી.

આ નામની બુક તેના પ્રસિદ્ધ કર્તા જીવદયા હીમાયતી અને જીવદયા માટે તન મન ધનથી પ્રયાસ કરનાર શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક મંડળના મેનેજર **ઝવેરી લલ્લુભાઇ ગુલાબચંદ** તરફથી ભેટ મળેલી છે. તેના લેખક વેટરનરી સરજન અને આ ખાતાના આસીસ્ટંટ મેનેજર છગનલાલ પરમાણંદદાસ છે. ખોરાક અને તંદુરસ્તીને કેવો સંબંધ છે, માંસાહારથી તંદુરસ્તીને કેટલું નુકશાન છે તે પાશ્ચિમાત્ય દેશોના વિદ્વાન ડાકટરોના પ્રમાણો આપી સિદ્ધ કરી બતાવ્યું છે. અને વનસ્પતિ આહારજ મનુષ્ય માત્રને જીવન રૂપે તેમજ તંનદુરસ્તીને આબાદ રાખનાર તે સિદ્ધ કરી બતાવ્યું છે. વળી આ બુકની એક લાખ કોપી જુદા જુદા ગૃહસ્થોની સહાયથી પ્રસિદ્ધ કરવામાં આવતાં તે મફત વહેંચી જીવદયાના કાર્યને માટે ખાસ ઉત્તેજન આપ્યું છે. આવી રીતના પ્રયાસથીજ હમેશાં કાર્ય ફતેહમંદ થાય છે. આવા તેમના ઉત્તમ કાર્ય માટે તેના મેનેજરને ધન્યવાદ આપીયે છીયે, અને તેમના આ જીવદયાના કાર્યમાં જૈન તેમજ જૈનેતર કોઇ પણ ગૃહસ્થને સહાય આપવા વિનંતી કરીયે છીયે.

## મૂર્તિમંડન.

આ નામની બુક શ્રીમદ્ સૂરિશ્વર **શ્રી વિજયકમળસુરિજી** મહારાજના શિષ્ય મુનિરાજ **શ્રી લબ્ધિવિજયજી** વિરચિત અમોને ભેટ મળેલી છે. આ બુક હિદુસ્તાની ભાષામાં લખાયેલી છે ઢુંઢીયા, મુસલમાન, શિખ અને આર્યસમાજીઓ સાથે જે જે પ્રશ્નોતર થયા છે તે તે શાસ્ત્ર પ્રમાણો આપી સુગમ રીતે મૂર્તિમંડનની સિદ્ધિ કરી બતાવી છે. જે વાંચવા લાયક છે. મળવાનું ઠેકાણું જ. નરલ બુક ડીપો સૈદ મીઠા બજાર—લાહોર કિમત ચાર આના.

For Private And Personal Use Only